
# એજિયન અક્ષર

અંક - ૫

વર્ષ - ૨૦૧૬-'૧૭





ડો. સી.પી.પટેલ
પ્રિન્સીપાલ

સંપાદકો :
ડો. કે. એચ. યાદવ
એસો.પ્રોફેસર
ડો. આર. એમ. પટેલ
આસિ.પ્રોફેસર



A.G.Teachers College
College of Teacher Education - CTE
Run By Ahmedabad Education Society
(Re-Accredited with "A" by NAAC)
M. N. Desai road, Navrangpura, Ahmedabad-09
Phone No. : 079-26442451
Email :agteachers1952@gmail.com
Website : www.agteacherscollege.ac.in

## કોલેજ શૈક્ષણિક સ્ટાફ



ડો. સી.પી. પટેલ
પ્રિન્સિપાલ

કોલેજમાં જોડાયા તારીખ
૦૧-૦૬-૨૦૦૨
સરનામું :
બી/૬, પુરોહિત પાર્ક, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર,
ફોન : ૦૨૬૯૨-૨૩૧૮૯૦
મો. ૯૪૨૮૪૯૧૫૧૭



ડો. આર. એમ. પટેલ
આસિ. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૦૧-૦૮-૨૦૦૩
સરનામું :
ઈ-૩૦૪, નીલકંઠ પાર્ક, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન : ૦૭૯-૨૭૯૧૨૭૮૯
મો. ૯૪૨૮૧૨૧૨૯૧



ડો. કે. એચ. યાદવ
એસો. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૩૦-૦૮-૧૯૯૭
સરનામું :
૮, મહાવીરનગર સોસાયટી, વસ્ત્રાપુર, અમદાવાદ-૦૯
મો. ૯૩૭૭૩૩૩૩૦૨



ડો. જી. એસ. પટેલ
આસિ. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૦૨-૦૪-૨૦૧૨
સરનામું :
બ્લોક-૭૭/૫, "ચ" ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર
મો. ૮૨૩૮૦૩૮૬૯૬



ડો. એસ.એલ. સોલંકી
એસો. પ્રોફેસર

કોલેજમાં જોડાયા તારીખ
૧૧-૦૯-૧૯૯૭
સરનામું :
બી/૧૫, ડુપ્લેક્ષ શુકન બંગ્લોઝ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧
મો. ૯૯૨૪૦૫૦૫૯૧

## કોલેજ વહીવટી સ્ટાફ



શ્રીમતી જી.આર. પરીખ
સિનિયર કલાર્ક

કોલેજમાં જોડાયા તારીખ
૨૩-૦૩-૧૯૯૬
સરનામું :
૧૩, ન્યુ પરમેશ્વર પાર્ક સોસાયટી, અસારવા, અમદાવાદ-૧૬
ફોન : ૦૭૯-૨૨૬૮૪૭૪૪
મો. ૯૪૨૬૪૩૩૨૮૩

## અન્ય મદદનીશ સ્ટાફ



શ્રીમતી સી.એચ. પટેલ
પટાવાળા

કોલેજમાં જોડાયા તારીખ
૦૭-૦૨-૧૯૯૨
સરનામું :
ઠાકોર વાસ, સ્ટેટ બેંકની પાસે, મેમનગર, અમદાવાદ-૫૨
મો. ૯૯૯૮૬૭૪૭૦૬ (પી.પી.)

# એજિયન અક્ષર

## અંક - ૫

## વર્ષ - ૨૦૧૫-૧૭

**ડો. સી. પી. પટેલ**
પ્રિન્સીપાલ

**સંપાદકો :**

**ડો. કે. એચ. યાદવ**
એસો. પ્રોફેસર

**ડો. આર. એમ. પટેલ**
આસિ. પ્રોફેસર

**એ. જી. ટીચર્સ કોલેજ**
એમ.એન. દેસાઈ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૦૯
ફોન : ૦૭૯-૨૬૪૪૨૪૫૧
E-mail : agteachers1952@gmail.com
Website : www.agteachers college.ac.in

## અનુક્રમણિકા 2016-17


| | | | |
|---|---|---|---|
| ૧. | સંપાદકીય | | ૧ |
| ૨. | આચાર્યના બે બોલ | | ૨ |
| ૩. | વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ | | ૩ |
| ૪. | વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ | | ૪ |
| ૫. | EVENT LIST | | ૫ |
| ૬. | છેલ્લા પાંચ વર્ષનું પરિણામ | | ૭ |
| ૭. | ૨૦૧૫-'૧૭ના તાલીમાર્થીઓ | | ૮ |
| ૮. | ગુણવત્તા શિક્ષણના પંથે એ.જી. ટીચર્સ કૉલેજ, CTE | ડૉ. કે. એચ. યાદવ | ૧૩ |
| ૯. | જીવન જીવવાનો આનંદ... | મણિલાલ હ. પટેલ | ૧૫ |
| ૧૦. | ભણતર... ગણતર અને ચણતર | મોતીભાઈ મ. પટેલ | ૧૮ |
| ૧૧. | મમ્મી, વેકેશન એટલે શું ? | ભદ્રાયુ વછરાજાની | ૨૧ |
| ૧૨. | તમે ક્યારેય આપઘાત કર્યો છે ? | જગદીશ ત્રિવેદી | ૨૨ |
| ૧૩. | અભ્યાસક્રમ-રચયિતાએ ધ્યાનમાં રાખવા જેવું | ડૉ.ભરત જોશી 'પાર્થ મહાબાહુ' | ૨૪ |
| ૧૪. | શિક્ષણની ગુણવત્તા સુધારણા કાર્યક્રમ અંતર્ગત... | દિવ્યાંગભાઈ એમ. પંડ્યા | ૨૫ |
| ૧૫. | Educational Thoughts of Dr. B.R. Ambedkar | Dr. S.L. Solanki | ૨૭ |
| ૧૬. | પ્રાર્થના સમીક્ષા | શ્રી વી. એમ. ભટ્ટ | ૨૯ |
| ૧૭. | પ્રોશિત ભર્તૃકા | દરજી અભિષેક બી. | ૨૦ |
| ૧૮. | માતૃભાષા પર્વ - ૨૧ મી ફેબ્રુઆરી - ૧૭ | | ૨૦ |
| ૧૯. | કવિતાઓ અને ગઝલોનું રસપાન | | |
| | ગાંધીગિરા | શ્રી ઉમાશંકર જોશી | ૩૧ |
| | હવે ચાલુ છું | શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન' | ૩૧ |
| | બોલવાનું હોય ત્યાં બોલો નહીં | શ્રી નરેન્દ્ર દામોદરદાસ મોદી | ૩૨ |
| | કોઈ નહીં આવે | શ્રી 'જલન' માતરી | ૩૨ |
| ૨૦. | માતૃભાષાની સમસ્યા અને નિવારણ | સંકલન : નિશીતકુમાર જે. પંડ્યા, | ૩૨ |
| ૨૧. | VASCSC -ની મુલાકાત | | ૩૩ |
| ૨૨. | મારે પણ જીવવું હતુ | સંકલન : શાહ પ્રિયા પી. | ૩૪ |
| ૨૩. | શહીદ વીર ભગતસિંહ | સંકલન : નિશીતકુમાર જે. પંડ્યા | ૩૫ |
| ૨૪. | સમાજમાં શું નૈતિક મૂલ્યોનું પતન થઈ રહ્યું છે ? | પંચોલી પિયૂષા સોમદેવ | ૩૭ |



## :: સંપાદકીય ::



### આભાસી વિકાસમાં આપણે ક્યાં ?

આભને સ્પર્શવા તલપાપડ વૃક્ષ કદી જમીનમાંથી પોતાના મૂળિયા છોડતું નથી. ધરામાંથી મૂળિયા ઉખેડી આકાશમાં પગલા માંડવા એ આભાસી વિકાસનું ઉદાહરણ છે. આપણે સૌએ આ વાત સમજવાની જરૂર છે.

સંસ્કૃતિ એટલે જીવનશૈલી અને જીવનશૈલી પ્રતિબિંબિત કરે છે માનસપટ પર દોડતાં વિચારોને. વિકાસની સાથે કદમ મિલાવતા આપણે સંસ્કૃતિને ક્યાંક પાછળ છોડી આવ્યાં છીએ અને એટલે જ જે વિકાસ દેખાય છે તે આભાસી વિકાસ છે. જાતિય સમાનતાનો દાવો કરતાં સમાજમાં એન્ટી રોમિયો સ્કવોડની રચના, શાળા-કૉલેજ કે કચેરીમાં CWDCની વ્યવસ્થા, ફાધર્સ ડે - મધર્સ ડેની ઉજવણી વચ્ચે રચાતી સિનિયર સિટીઝન, ટ્રીબ્યુનલ, બોર્ડના કે યુનિવર્સિટીના પરિણામના આંકડા વગેરે આભાસી વિકાસનાં દૃષ્ટાંતો છે. વિદ્યાર્થીએ મેળવેલા માર્કસ વધ્યા પરંતુ જીવનલક્ષીતા ઘેટી. આભાસી વિકાસ વચ્ચે ડોકિયા કરતી વાસ્તવિક પરિસ્થિતિ ખૂબ બિહામણી છે. દોષનો ટોપલો શિક્ષણ-શાળા-શિક્ષકના માથે ઢોળાય છે. વૈધિક શિક્ષણ પ્રણાલી આભાસી વિકાસને અટકાવવા જેટલી સબળ નથી. આ માટે વૈધિક શિક્ષણ કરતાં અવૈધિક શિક્ષણ વધુ બળવાન છે. તેથી હે સમાજ ! આવનારી પેઢીનું તને આહ્‌વાન છે :

હે સમાજ !<br>
અમને શિક્ષણ થકી એવું બળ આપ કે...<br>
પડકારમાં અમે નીખરી ઊઠીએ<br>
ટીકામાં અમે સ્વસ્થ રહીએ,<br>
પ્રલોભનોમાં અમે તટસ્થ બનીએ<br>
અંતરથી અમે તૃપ્ત થઈએ.

(તા.ક. સમાજ એટલે બીજુ કોઈ નહીં પણ હું-તમે-આપણે સૌ)

- ડૉ. કે. એચ. યાદવ<br>
- ડૉ. આર. એમ. પટેલ



## :: આચાર્યના બે બોલ ::

એ.જી. ટીચર્સ કૉલેજમાં ૧૯૫૨થી અમદાવાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા ૬૫ વર્ષથી કાર્યરત છે. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીનો ઉદ્દેશ એક અને માત્ર એક શિક્ષણ સેવાનો છે. સોસાયટી દ્વારા સંચાલિત સેપ્ટ યુનિવર્સિટી અને અમદાવાદ યુનિવર્સિટીનો ઉદ્ભવ થયો. સાથે સાથે વિવિધ વિદ્યાશાખાઓ ધરાવતી કૉલેજો પણ ઊંચી ગુણવત્તા ધરાવવાની સાથે સાથે ફૂલીફાલી છે.

એ.જી. ટીચર્સ કૉલેજ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ કૉલેજનો ખિતાબ મેળવેલી છે. કૉલેજ સને - ૨૦૦૭માં NAAC દ્વારા 'A' ગ્રેડ પ્રાપ્ત કરેલ અને ૨૦૧૬માં પણ Re-accrediatation માં 'A' ગ્રેડ મેળવેલી જે કૉલેજની ઊંચી ગુણવત્તા દર્શાવે છે.

હાલમાં કેન્દ્ર સરકારની નવી પોલીસી પ્રમાણે કૉલેજમાં ૫૦ વિદ્યાર્થીઓના એક વર્ગની માન્યતા ધરાવે છે. આમ કૉલેજના વિદ્યાર્થીઓની સંખ્યા સંકોચાતી ગઈ. રાજ્ય સરકારની નીતિને કારણે કૉલેજમાં શૈક્ષણિક અને વહીવટી સ્ટાફની સંખ્યા નક્કી કરેલા મહેકમ કરતાં ઉત્તરોત્તર ઘણી જ ઘટતી ગઈ છે. આવા સંજોગોમાં પણ કાર્યરત કૉલેજના સ્ટાફે કૉલેજમાં દાખલ થતાં બધા જ વિદ્યાર્થીઓની ઊંચી ગુણવત્તાવાળા શિક્ષકો તૈયાર કરવામાં પાછી પાની કરી નથી. વર્ષ દરમ્યાન શિક્ષકની તાલીમ ઉપરાંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. પ્રસ્તુત મેગેઝિનમાં આ પ્રવૃત્તિઓની ઝાંખી કરવામાં આવી છે. ઉપરાંત કૉલેજના વિદ્યાર્થીઓની માહિતી અને તેમના પરિણામનો પણ આમાં સમાવેશ કરવામાં આવેલો છે. વધુમાં કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલાં કેટલાંક કાવ્યો અને લેખો પ્રસ્તુત છે. આ મેગેઝિનમાં વિદ્યાર્થીને ઉપયોગી થાય તેવા લેખો ગુજરાતના કેટલાક કેળવણીકારો દ્વારા લખેલા તે રજૂ કરેલા છે.

આમ, વર્ષ દરમ્યાનની કામગીરીની ઝાંખી કરાવતું આ મેગેઝિન રજૂ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું. મેગેઝિન તૈયાર કરવા બદલ સંપાદકો અને કૉલેજના સર્વે સ્ટાફમિત્રોને હું ધન્યવાદ પાઠવું છું.

ડૉ. સી પી. પટેલ

(આચાર્ય)

# STUDENT UNION : 2015-16

**Chairman :** Dr. C. P. Patel **Vice Chairman :** Dr. R. M. Patel

**G. S.** : Singh Anukrati K. **L. R.** : Bhatt Joyal K.

| S.No. | Task | Prof. Incharge | Student Union Member |
|---|---|---|---|
| 1 | Assembly | Dr. U. N. Thakkar | - Desai Dipal S. |
| | | | - Ranpura Vaishali |
| 2. | CWDC | Dr. K. H. Yadav | - Bhatt Joyal K. |
| | | | Mehta Jalpa K. |
| 3. | Edu. Visit | Dr. S. L. Solanki | - Patel Dolly M. |
| | | Dr. G. S. Patel | - Parmar Shankar D. |

## Distribution as per Dharas

| S.No. | Task | Prof. Incharge | Student Union Member |
|---|---|---|---|
| 1. | Cognition | Dr. G. S. Patel | - Sharma Nikeeta D. |
| 2. | Creativity | Dr. G. S. Patel | - Chauhan Indu K. |
| | | | - Vyas Shreya N. |
| 3. | Art & Craft | Dr. K. H. Yadav | - Biramiwala Sayma H. |
| | | | - Parmar Bhavini L. |
| 4. | Geet-Sangit - Nritya | Dr. S. L. Solanki | - Gurjar Dharmishtha P. |
| 5. | Sports & Yoga | Dr. R. M. Patlel | - Baldaniya Kajalben M. |
| | | Dr. G. S. Patel | - Jha Seema P. |
| 6. | Social Service | Dr. K. H. Yadav | - Parmar Shankar D. |
| | | | - Prajapati Rashmi C. |
| 7. | Drama | Dr. R. M. Patel | - Patle Dolly M. |

# STUDENT UNION & DHARA: 2016-17

| | | | |
|---|---|---|---|
| **Chairman** | : Dr. C. P. Patel | **Vice G. S.** | : Pal Rekha R. |
| **Vice Chairman** | : Dr. R. M. Patel | **Vice L. R.** | : Solanki Shalak R. |

| S. No. | Task | Prof. Incharge | Student Union Member | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | Assembly | Dr. R. M. Patel | (75) | Dave Khushbu D. | (78) | Pandya Nishit J. |
| 2 | Birthday Wishes | Dr. S. L. Solanki | (89) | Khurana Sarabjeet K. | (90) | Nayi Neha V. |
| 3 | Bulletin Board | Dr. S. L. Solanki | (78) | Pandya Nishi J. | (84) | Shah Priya P. |
| 4 | Cultural Committee | Dr. S.L. Solanki | (62) | Parmar Anand T. | (82) | Pancholi Piyusha |
| 5 | CWDC | Dr. K. H. Yadav | (92) | Pal Rekha R. | (86) | Solanki Jalak R. |
| 6 | Education Visit | Dr. S.L. Solanki<br>Dr. G.S. Patel | (57) | Asari Dinesh N. | (78) | Pandya Nishit J. |
| 7 | Press Note | Dr. S. L. Solanki | (53) | Mohaniya Ranjit C. | (79) | Visavi Hemali S. |
| 8 | Alumni | Dr. R. M. Patel<br>Dr. G.S. Patel | (53)<br>(93) | Mohaniya Ranjit C.<br>Parmar Kinjal R. | (91) | Padaliya Maulik K. |
| 9 | Minutes In charge | Dr. G. S. Patel | (86) | Solanki Jalak R. | (75) | Dave Khushbu D. |

**Distribution as per Dharas**

| S. No. | Task | Prof. Incharge | Student union Member | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | Gyandhara | Dr. G. S. Patel | (92) | Pal Rekha R. | | |
| 2 | Sarjanatmak | Dr. G. S. Patel | (82) | Pancholi Piyusha | (53) | Mohaniya Ranjit |
| 3. | Rang-Kala-Kaushalya | Dr. K. H. Yadav | (86) | Solanki Jalak R. | (69) | Prajapati Manjari |
| 4 | Natya | Dr. K. H. Yadav | (62)<br>(83) | Parmar Anand T.<br>Shah Pooja K. | (82) | Pancholi Piyusha |
| 5 | Geet Sangeet Nritya | Dr. S. L. Solanki | (81)<br>(87)<br>(82) | Mesvaniya Anuradha N.<br>Valand Foram P.<br>Pancholi Piyusha | (79)<br>(62) | Visavi Hemali S.<br>Parmar Anand T. |
| 6 | Yoga Sport | Dr. S.L. Solanki<br>Dr. R. M. Patel | (91) | Padaliya Maulik K. | (86) | Solanki Jalak R. |
| 7 | Samajik Dhara | Dr. R. M. Patel | (91) | Padaliya Maulik K. | (57) | Asari Dinesh N. |

## List of Programme 2016-17

| S.No. | Date | Activity |
|---|---|---|
| 1 | 14-20/6/2016 | Yog Training |
| 2 | 18-20/6/2016 | Sahaj Yog |
| 3 | 21/6/2016 | Yoga Day |
| 4 | 4/7/2016 | Right to Education |
| 5 | 5/7/2016 | Skit |
| 6 | 2/8/2016 | Yad Karo Kurbani |
| 7 | 2/8/2016 | Satayu (Organ Donetion) |
| 8 | 9-15/9/2016 | Swachhata Abhiyan |
| 9 | 14/9/2016 | Hindi Divas |
| 10 | 22/9/2016 | Women Enpowerment |
| 11 | 24-30/9/2016 | Celebration of Cleanliness of Social equatity Programme |
| 12 | 24/9/2016 | SEBI |
| 13 | 26-29/9/2016 | Swachhata & Samajik Samrasta |
| 14 | 26-27/9/2016 | Youth Festival |
| 15 | 30/9/2016 to 01/10/2016 | National Seminar "Quest for Excellence and Efficiency in Higher Education" |
| 16 | 4/10/2016 | Nasha Bandhi |
| 17 | 6/10/2016 | Educational Visit - Shreyas Foundation |
| 18 | 8/10/2016 | Celebration of Garba |
| 19 | 22/12/2016 | Create Your Personal Learning Network through FLINNT |
| 20 | 27/12/2016 | Matrubhasha nu Shikshan |
| 21 | 31/12/2016 | Gyan Goshti |

| | | |
|---|---|---|
| 22 | 5/1/2017 | Debate - શાળા થકી સરકારી અભિયાનોનું વહન |
| 23 | 20/01/2017 | ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળ - વ્યાખ્યાન અને મિટીંગ |
| 24 | 27-30/1/2017 | Education Visit - Jaisalmer, Phuldhara, Ranuja |
| 25 | 30/1/2017 | શહીદ સ્મૃતિ દિન |
| 26 | 10/2/2017 | શિક્ષક-પ્રશિક્ષણની વિસ્તરતી ક્ષિતિજ (UDISHA) |
| 27 | 18/2/2017 | વક્તૃત્વ સ્પર્ધા, સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કોલેજ |
| 28 | 2/3/2017 | Soft Skill For Teachers (UDISHA) |
| 29 | 3/3/2017 | Inclusive Education |
| 30 | 6/3/2017 | Thalassemia Awareness Programme (Red Cross Society) |
| 31 | 8/3/2017 | Personality Development (UDISHA) |
| 32 | 9/3/2017 | Education in Changing Era (GCERT) |
| 33 | 10/3/2017 | Guidance for TET Examination (UDISHA) |
| 34 | 10/3/2017 | Road Safety Awareness Programme for Prospective Teachers |
| 35 | 21/3/2017 | Brainstorming Session: Student support mechanism for coaching for competitive exam |
| 36 | 28/3/2017 | Mock Interview |
| 37 | 28/3/2017 to 5/4/2017 | TET Classes |
| 38 | 31/3/2017 | પર્યાવરણ શિક્ષણ દ્વારા પર્યાવરણ સંરક્ષણ કાર્યક્રમ |

# વિતેલાં વર્ષોની યાદ...

## છેલ્લા પાંચ વર્ષનું પરિણામ

| વિગત | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|---|---|---|
| ડિસ્ટી. | ૭૯ | ૭૬ | ૭૧ | ૬૨ | ૫૮ |
| ફસ્ટ ક્લાસ | ૦૭ | ૧૦ | ૨૨ | ૨૫ | ૩૪ |
| સેકન્ડ ક્લાસ | ૦૨ | — | ૦૧ | ૦૩ | ૦૪ |
| પાસ ક્લાસ | — | — | — | — | — |
| કુલ | ૮૮ | ૮૬ | ૯૪ | ૯૦ | ૯૬ |
| ટકા | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |
| યુનિ. ટકા | — | ૯૮.૬૨% | ૯૨.૫૬% | ૮૭% | ૮૫.૫૮% |

## છેલ્લા પાંચ વર્ષની વિષય પ્રમાણે સંખ્યા

| વિષયો | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
|---|---|---|---|---|---|
| ગુજરાતી | ૩૨ | ૨૮ | ૧૩ | ૦૬ | ૦૫ |
| સા. વિજ્ઞાન | ૩૬ | ૪૨ | ૧૪ | ૦૭ | ૧૦ |
| અંગ્રેજી | ૧૪ | ૧૬ | ૧૫ | ૦૪ | ૦૪ |
| ગણિત | ૨૬ | ૨૪ | ૦૯ | ૦૬ | ૦૭ |
| વિજ્ઞાન | ૨૬ | ૨૪ | ૧૭ | ૦૮ | ૦૮ |
| એકાઉન્ટ | ૨૭ | ૨૩ | ૧૪ | ૦૬ | ૧૧ |
| વા. વ્યવસ્થા | ૨૭ | ૨૩ | ૧૪ | ૦૬ | ૦૦ |

## છેલ્લા પાંચ વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યા

| વિગત | ૨૦૧૨-૧૩ | | | ૨૦૧૩-૧૪ | | | ૨૦૧૪-૧૫ | | | ૨૦૧૫-૧૬ | | | ૨૦૧૬-૧૭ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ | ભાઈઓ | બહેનો | કુલ |
| એસ.સી. | ૦૩ | ૦૮ | ૧૧ | ૦૬ | ૦૭ | ૧૩ | ૧ | ૧૦ | ૧૧ | ૦૩ | ૦૪ | ૦૭ | ૦૧ | ૦૪ | ૦૫ |
| એસ.ટી. | ૦૨ | ૦૮ | ૧૦ | ૦૫ | ૦૭ | ૧૨ | ૫ | ૯ | ૧૪ | ૦૧ | ૦૫ | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૩ |
| બક્ષીપંચ | ૧૨ | ૧૯ | ૩૧ | ૧૩ | ૧૩ | ૨૬ | ૯ | ૨૧ | ૩૦ | ૦૨ | ૦૯ | ૧૧ | ૦૨ | ૧૩ | ૧૫ |
| સામાન્ય | ૦૫ | ૩૫ | ૪૦ | ૦૫ | ૩૪ | ૩૯ | ૩ | ૩૮ | ૪૧ | ૦૦ | ૧૯ | ૧૯ | ૦૨ | ૨૦ | ૨૨ |
| કુલ | ૨૨ | ૭૦ | ૯૨ | ૨૬ | ૬૪ | ૯૦ | ૧૮ | ૭૮ | ૯૬ | ૦૬ | ૩૭ | ૪૩ | ૦૭ | ૩૮ | ૪૫ |

નોંધ : વર્ષ – ૨૦૧૫થી બી.એડ્. અભ્યાસક્રમ બે વર્ષનો થયો અને વિદ્યાર્થી સંખ્યા એક વર્ગની ૫૦ની કરી. (NCTEના નોર્મ્સ પ્રમાણે)

**Roll No. 20**
**Zala Bijalben Ashvinkumar**



Po: Pethapur,
Ta & Di: Gandhinagar

M. 8460264745
Medium : Guj
Eng / S.S.

**Roll No. 21**
**Bhatt Joyal Kamlesh**



Paldi, Ahmedabad

M. 9879788350
Medium : Eng.
Maths / Sci.

**Roll No. 22**
**Chaudhary Jaydipbhai Nathubhai**



Vasnechiya Vas,
At Po: Davol
Ta. Kheralu, Mehsana

M. 9898289139
Medium : Guj
Maths / Sci.

**Roll No. 23**
**Dindor Falguniben Jivabhai**



Diwda Colony,
Dis: Mahisagar

M. 9913478193
Medium : Guj
Maths / Sci.

**Roll No. 24**
**Doshi Zalak Rajendrakumar**



Maninagar, Ahmedabad

M. 9687339711
Medium : Guj
Maths / Sci.

**Roll No. 26**
**Mehta Jalpa Kaushilkumar**



Maninagar, Ahmedabad

M. 8733042333
Medium : Guj
Maths / Sci.

**Roll No. 27**
**Sadhu Asha Ganehsdas**



Sabarmati, Ahmedabad

M. 8733931439
Medium : Guj
Maths / Sci.

**Roll No. 28**
**Shaikh Farheen G.**



Gomtipur, Ahmedabad

M. 7698014860
Medium : Eng.
Maths / Sci.

**Roll No. 29**
**Baldaniya Kajalben Madhabhai**



At Po: Vadali, Dis: Amreli

M. 8141838451
Medium : Guj
Sci. / Maths

**Roll No. 30**
**Damor Divyaben Khumanbhai**



At Po: Pavadi, Ta : Zalod
Dis: Dahod

M. 7046778402
Medium : Guj
Sci. / Maths

**Roll No. 31**
**Desai Nupur Pradipkumar**



Vasna, Ahmedabad

M. 8866143686
Medium : Guj
Sci. / Maths

**Roll No. 32**
**Gohil Niyati Devenbhai**



Ghodasar, Ahmedabad

M. 8347179076
Medium : Guj
Sci. / Maths

**Roll No. 33**
**Parmar Bhavini Laxmanbhai**



Gitamandir Road,
Ahmedabad

M. 9824667745
Medium : Eng.
Sci. / Maths

**Roll No. 35**
**Singh Anukrati Karun Singh**



Sabarmati, Ahmedabad

M. 9104664559
Medium : Eng.
Sci. / Maths

**Roll No. 36**
**Thakur Tanya**



Naranpura, Ahmedabad

M. 7622087330
Medium : Eng.
Sci. / Maths

**Roll No. 38**
**Darji Sejalben Ashokbhai**



New Ranip, Ahmedabad

M. 9408777350
Medium : Guj
Account / Com.

**Roll No. 39**
**Desai Dipal Somabhai**
Ranip, Ahmedabad



M. 9638416878
Medium : Guj.
Account / Com.

**Roll No. 40**
**Golarana Rachana Jayantibhai**
Nirnay Nagar, Ahmedabad



M. 8866263593
Medium : Guj
Account / Com.

**Roll No. 41**
**Halpati Jignasha Ramanbhai**
Ghatlodiya, Ahmedabad



M. 9601145240
Medium : Guj
Account / Com.

**Roll No. 42**
**Ingle Dhampal Samadhan**
Thakkar Bapa Nagar,
Ahmedabad



M. 9725498646
Medium : Guj
Account / Com.

**Roll No. 43**
**Jha Seema Premchandra**
Ghodasar, Ahmedabad



M. 8690552925
Medium : Eng.
Account / Com.

**Roll No. 44**
**Parekh Sweta Dineshkumar**
Vatva, Ahmedabad



M. 9924007804
Medium : Eng.
Account / Com.

**Roll No. 45**
**Parmar Shankarbhai Dalsukhbhai**
At Po: Mota Goraiya,
Ta : Viramgam
Dis: Ahmedabad



M. 7698284025
Medium : Guj
Account / Com.

**Roll No. 46**
**Prajapati Dharmishtha Chandrakantbhai**
Kalupur, Ahmedabad



M. 7567891155
9898888634
Medium : Eng.
Account / Com.

**Roll No. 47**
**Prajapati Rashmiben Chandulal**
New Vadaj, Ahmedabad



M. 9157087992
Medium : Guj
Account / Com.

**Roll No. 49**
**Sharma Indukumari Omprakash**
Kubernagar, Ahmedabad



M. 8460512712
Medium : Guj
Account / Com.

**Roll No. 50**
**Sharma Nikeeta Dharmendrakumar**
Bapunagar, Ahmedabad



M. 9723764845
Medium : Eng.
Account / Com.

## ગુણવત્તા શિક્ષણના પંથે એ.જી. ટીચર્સ કૉલેજ, CTE

*ડૉ. કે. એચ. યાદવ*
**એસો. પ્રોફેસર**

CTE દરજ્જો પ્રાપ્ત એ.જી. ટીચર્સ કોલેજ દ્વારા પૂર્વકાલીન કાર્યક્રમ ઉપરાંત શાળાના આચાર્યો અને શિક્ષકો માટે સેવાકાલીન તાલીમ કાર્યક્રમો, શિક્ષણક્ષેત્રે નવીનીકરણ, અધ્યયન-અધ્યાપન સામગ્રીનો વિકાસ જેવા ક્ષેત્રે ગુણવત્તાલક્ષી કાર્યો આયોજિત થાય છે. પ્રતિવર્ષ શિક્ષણજગતના પ્રવર્તમાન અને આધુનિક પ્રવાહોને ધ્યાનમાં રાખી શાળાના શિક્ષકો અને કોલેજના તાલીમાર્થીઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તો સાથે સાથે સંશોધનક્ષેત્ર ખેડાણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન એ.જી. ટીચર્સ કૉલેજના CTE સેન્ટરની ગતિવિધિ નીચે મુજબ છે.

**૨૦૧૫-૧૬**

**★ પૂર્વકાલીન કાર્યક્રમ : (Preservice Program)**

| તારીખ | વિષય | કો-ઑર્ડિનેટર | સહભાગી | સ્થળ |
|---|---|---|---|---|
| ૮-૧૦-૧૫ | વર્કશોપ : શિક્ષણમાં નાટ્ય | ડૉ. કે.એચ. યાદવ | ૪૬ તાલીમાર્થી | એ.જી. ટીચર્સ કોલેજ |

**★ સેવાકાલીન કાર્યક્રમો (Inservice Training Program)**

| તારીખ | વિષય | સહભાગી | જિલ્લો | સ્થળ | કો-ઑર્ડિનેટર |
|---|---|---|---|---|---|
| ૧૦-૧૦-૧૫ | Use of ICT in Education | ૯૩ શિક્ષકો | સુરેન્દ્રનગર | મૈત્રી વિદ્યાપીઠ | દિપકભાઈ ત્રિવેદી |
| ૧૦-૧૦-૧૫ | Language Education | ૯૫ શિક્ષકો | સુરેન્દ્રનગર | મૈત્રી વિદ્યાપીઠ | ડૉ. બળવંત વ્યાસ |

★ **સંશોધન (Research Project)**

| ક્રમ | વિષય | સંશોધક |
|---|---|---|
| ૧. | Construction and standardisation of study habit inventory for secondary school students | ડૉ. જી.એસ. પટેલ |
| ૨. | Construction and standardisation of scientific aptitude test (SAT) for school students | ડૉ. મહેશ રાવલ |

## ૨૦૧૬-૧૭

★ **પૂર્વકાલીન કાર્યક્રમ : (Preservice Training Program)**

| તારીખ | વિષય | કૉ-ઑર્ડિનેટર | સહભાગી | સ્થળ |
|---|---|---|---|---|
| ૨૭-૧૨-૧૬ | માતૃભાષાનું શિક્ષણ | ડૉ. આર.એમ. પટેલ | ૬૨ તાલીમાર્થી | એ.જી. ટીચર્સ કૉલેજ |
| ૩-૩-૧૭ | સમાવેશક શિક્ષણ (Inclusive Education) | ડૉ. કે.એચ. યાદવ | ૮૯ તાલીમાર્થી | એ.જી. ટીચર્સ કૉલેજ |

★ **સેવાકાલીન કાર્યક્રમો (Inservice Training Program)**

| તારીખ | વિષય | સહભાગી | જિલ્લો | સ્થળ | કો-ઑર્ડિનેટર |
|---|---|---|---|---|---|
| ૭-૧-૧૭ | Teacher Development Program | ૧૦૪ શિક્ષકો | સુરેન્દ્રનગર | મૈત્રી વિદ્યાપીઠ | ડૉ. બળવંત વ્યાસ |
| ૯-૩-૧૭ | Education in changing era | ૪૬ શિક્ષકો | અમદાવાદ | એ.જી. ટીચર્સ | ડૉ. એસ.એલ. સોલંકી |

★ **સંશોધન (Research Project)**

| ક્રમ | વિષય | સંશોધક |
|---|---|---|
| ૧. | Study of reading comprehension capability | ડૉ. આર.એમ. પટેલ |
| ૨. | Construction and Effectiveness of reasoning ability for school students. | ડૉ. મહેશભાઈ રાવલ |

★ **અધ્યયન-અધ્યાપન સામગ્રી (Teaching-Learing Materil)**

| ક્રમ | વિષય | સંશોધક |
|---|---|---|
| ૧ | માઈક્રોટીચિંગ | ડૉ. કે. એચ. યાદવ |

★ તા. ૯-૧-૨૦૧૬ના રોજ એ.જી. ટીચર્સ કૉલેજ, સીટીઈના અધ્યાપકો માટે 'E-Content' વિષય અંતર્ગત Faculty Development Programનું આયોજન કરવામાં આવ્યું.

★ CTE કેન્દ્ર દ્વારા Preservice અને Inservice શિક્ષકો માટે તૈયાર કરેલ 'એજિયન અક્ષર' અંક-૫ માટેની જરૂરી નાણાકીય સહાય GCERT દ્વારા પૂરી પાડવામાં આવી છે.

CTE સેન્ટરના સેવાકાલીન કાર્યક્રમોને મૂર્તિમંત બનાવવા જહેમત ઉઠાવનાર એ.જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી શાળાના આચાર્ય ડૉ. નીરવભાઈ ઠક્કર અને કાર્યક્રમમાં સહભાગી તમામ શાળાના આચાર્યોનો સહૃદયપૂર્વક ઋણ સ્વીકાર.

પરંપરા અનુસાર સુરેન્દ્રનગરના મૈત્રી વિદ્યાપીઠના આચાર્ય ડૉ. મહેશભાઈ રાવલ અન તેમના સ્ટાફનો સુરેન્દ્રનગર મુકામે આયોજિત CTE સેન્ટરના કાર્યક્રમો અને સંશોધનકાર્ય માટે મળેલો સહયોગ પ્રસંશનીય અને પ્રેરણાદાયી છે. આમ, એ.જી. ટીચર્સ કૉલેજના CTE સેન્ટરવતી, ગુણવત્તાલક્ષી કેડી પર અડગ કદમ માંડતા સૌને સલામ.

# જીવન જીવવાનો આનંદ...

- મણિલાલ હ. પટેલ

કિશોરાવસ્થામાં યુવક-યુવતીઓમાં સમજણ કરતાં લાગણીઓ વધારે તીવ્ર હોય છે. તર્ક કે બુદ્ધિથી ઓછું અને ઊર્મિના આવેશમાં વધારે તણાઈ જવાનું વલણ હોય એ પણ સ્વાભાવિક છે... ને આ જ વયસન્ધિનો સમય સાચવી લેવા જેવો હોય છે. ત્યારે જ એમને સહજ સાથ અને હૂંફની જરૂર હોય છે. 'જીવન-વિચાર'ની કળી હજી તો ઊઘડું-ઊઘડું થવામાં હોય અને એને આવી પડનારી અણધારી પરિસ્થિતિઓ-ઘટનાઓનો ડર લાગતો હોય છે. 'મારું શું થશે ?' 'બીજાઓ આગળ મારું કેવું દેખાશે ?' 'મમ્મી-પપ્પાને આ નહીં ગમે તો ?' 'હું એમને સંતોષ નહીં આપી શકું તો ?' 'પરિણામ ખરાબ આવશે તો મારું ભાવિ રૂંધાઈ જશે...' આવા-આવા અનેક ભયાનક વિચારોમાં આપણાં તરુણ-યુવાન ભાઈબહેનો, દીકરીઓ મૂંઝારો અનુભવે છે ને ક્યારેક અંતિમ (આત્મઘાતનું) પગલું ભરી બેસે છે. ક્યારેક લાગણીનાં પૂરમાં ઘેલછા સુધી પહોંચી જાય ત્યારે પણ ખરાબ વિચારો આવે છે. 'મને પાર્ટીમાં જવાની ના પાડી' 'મને મોબાઈલ/ બાઈક ન અપાવ્યાં'... 'મમ્મીએ ઠપકો દીધો/ પપ્પાએ ખખડાવીને ના પાડી દીધી...' આવા સામાન્ય કારણો પણ આત્મહત્યાનું કારણ બને છે.

આ વય જ એવી હોય છે. કેટલાક કિશોરો થોડા સનકી હોય છે, કેટલાંક અતડા/ એકલવાયા હોય છે, કેટલાકને પ્રેમભર્યું વાતાવરણ અને હૂંફ કે સહારો નહિ મળ્યાનો અભાવ પીડતો હોય છે. આ બધાં કારણોમાં તથ્યાંશ છે... મૂળે બિનજરૂરી તણાવ અને સમજણનો અભાવ આવા મિત્રોને મોટું પગલું ભરવા મજબૂર કરે છે. એમને જીવન જીવવાનો આનંદ દેખાતો નથી. આપણે એ એમને બતાવવાનો છે. જીવન જીવવા માટે છે એ એમને સમજાવવું જરૂરી છે. કમનસીબે આપણું શિક્ષણ એ રસ્તો ચૂકી ગયું છે. એ માટે જીવનલક્ષી - લોકભારતી - પ્રકારનું શિક્ષણ વધારે જરૂરી-ઉપયોગી છે.

આ બધામાં વાંક કોનો છે ? રોગનું મૂળ ક્યાં છે ? ઘણાં વર્ષો પહેલાં આવું નહિવત્ બનતું... વિદ્યાર્થીકાળમાં આપઘાત કરનારાં તો આ છેલ્લા દાયકા બે દાયકામાં ઝડપથી વધ્યાં છે. સપાટી ઉપર તરત દેખાતાં બે-ત્રણ કારણો પહેલાં નોંધીશું.

માબાપની અપેક્ષાઓ બેફામ રીતે વધી છે. દરેક બાળકની શક્તિ અને માનસિકતા જુદી—જુદી હોય છે. બધાં જ દાક્તર-ઇજનેર-તજજ્ઞ થવા માટે અવતરતાં નથી, પણ માબાપ દેખાદેખીમાં અને સ્પર્ધામાં બાળકને હોમી દે છે. પોતાના અધૂરાં શમણાં તેઓ બાળકો પાસે પૂરાં કરાવી સમાજમાં વટ પડાવવા માગે છે. આ જ ખાટલે મોટી ખોડ છે. ચપ્પાથી શાક સમારી શકાય એનાથી લાકડામાં શિલ્પ ન કોરી શકાય ને તલવાર દૂધીનું દીટું કાપવા માટે ન વપરાય ! માથાને માપે પાઘડી કે ટોપી કે સાફો હોય...!

આપણા આજના શિક્ષણે બાળકો પાસેથી બાળપણ છીનવી લીધું છે. રમત રમવી, આસપાસની સૃષ્ટિને ઓળખવી, રખડવું, ઝાડપાન, ફૂલ-છોડની સુગંધ, ફળનો સ્વાદ, ખેતર, અનાજ, ઋતુના રૂપો, પંખી-પ્રાણીની અચરજકર દુનિયા આપણે આપણાં સંતાનોથી અળગી કરી દીધી. અનૌપચારિક શિક્ષણને સાવ ખતમ કરી દીધું અને પછી માત્ર ઔપચારિક શિક્ષણ વડે માણસ, માનવમૂલ્યો અને જીવન ઘડવા નીકળેલા આપણે મૂર્ખામી કરી બેઠા છીએ ને હજી આપણે એ વાત માનવા તૈયાર નથી કે આપણી શિક્ષણપદ્ધતિ સંવેદનશૂન્ય અને નર્યા ભૌતિકતાવાદી માણસો જ તૈયાર કરી રહી છે. શિક્ષણમાંથી જીવન તથા આનંદ લગભગ બાદ થઈ ગયાં છે.

આપણે ટકાવારી, ઊંચા ગુણાંક-ગ્રેડને આપણાં સંતાન કરતાંય વધારે મહત્ત્વ આપવા લાગ્યા છીએ. સંતાનનાં રસરુચિ, એની બુદ્ધિશક્તિ, એની નીજી આશા-અપેક્ષાને બાજુ પર હડસેલીને માબાપો સંતાનોને એમની આશાઓનાં તૈયાર બીબાંઓમાં ઢાળવા અને બળપૂર્વક ફિટ કરવા માગે છે. સંતાન એમાં ફિટ ન થાય એટલે એ નકામું ગણાય ! કાચબા અને સસલાની વાર્તા તો જુદો બોધ આપતી હતી. આજે ઘણાં માબાપો કાચબાને સસલું માનીને દોડાવવા પોતે પણ દોડતાં થઈ જાય છે. સસલાની જેમ દોડીને આગળ નીકળી જનાર ઘણાં લોકો પછી જીવનમાં કાચબા બનીને રહી જાય છે ! કીડીએ હાથી બનવાનું ન હોય. હાથી અને કીડી બંનેએ પોતપોતાનો ઉદ્યમ કરીને પોતપોતાનું જીવનકાર્ય દીપાવવાનું હોય છે.

આપણે આપણાં કિશોર-તરુણ-યુવાન ભાઈ-બહેનોને એ આજે જ (તત્કાલ) સમજાવવું જરૂરી છે કે શિક્ષણ અને ડિગ્રી એ કાંઈ જીવનનું એકમાત્ર મિશન નથી. ઊંચી ટકાવારી કે એવી બીજી ડિગ્રીઓ વિના પણ જીવનમાં ઘણાં મહત્ત્વનાં કાર્યો કરીને સફળ અને સુખ્યાત થઈ શકાય છે. ઓછું ભણી શકાય ને દાક્તર કે ઈજનેર ન બની શકાય તોપણ બીજા અનેક ક્ષેત્રોમાં વ્યવસાય કે નોકરી કરીને સમાજને ઉપયોગી બની શકાય છે. ધંધા-ઉદ્યોગ નાના પાયે શરૂ કરીને પણ આગળ વધી શકાય છે.

અનેક ક્ષેત્રોમાં અવનવા પ્રયોગો કરીને ઘણાં સામાન્ય અને સાવ ઓછું ભણેલાં લોકો જીવનમાં ઘણાં આગળ આવ્યાનાં દૃષ્ટાંતો છે. ધીરુભાઈ અંબાણી જેવાં અનેકોનાં નામ આપણી સામે છે. નાના લાગતા અનેક વ્યવસાયોને ભાઈઓ અને બહેનો છેક ગ્રામીણ ક્ષેત્રો સુધી અપનાવી અને વિકસાવી શકે છે. સામાન્ય રીતે સ્નાતક થવાય તોય પૂરતું છે. પછી ક્ષેત્ર પસંદ કરીને આવડત તથા પરિશ્રમ વડે તમે દાક્તર કે ઈજનેર કરતાં વધુ આવકવાળાં અને ઉપયોગી કાર્યો કરી શકો છો અથવા તમારે ઊંચા ગુણ મેળવવા છે ને એક વાર નિષ્ફળ જાઓ તો તમારે જીવન હારી જવા જેવું એમાં કાંઈ નથી. હિંમત રાખો, સમય તમારી રાહ જુએ છે. યોગ્ય રીતે પુનઃ કામ કરો ને તમારી દિશા તમને ખૂલતી દેખાશે. જીવવાનો પડકાર ઉપાડનારો જીતે છે. કોઈ વાર સામાન્ય ધંધા-નોકરીથી સંતોષ માનવો પડે તો એય જીવન છે. જેમાં તમે પ્રામાણિકતાથી કામ કરતા હો અને સંતોષ મેળવતા હો ! પૈસો કમાવો જરૂરી છે પણ એ એકમાત્ર ધ્યેય નથી. જીવન તો અનેક વિકલ્પો લઈને તમારી સામે ઊભું જ છે. પદ-પદવી-પગાર એ કાંઈ જીવનની મંજિલ નથી. જીવન તો છે પ્રેમ-લાગણી-માનવતા-સચ્ચાઈ અને સંતોષ ! ખેતીમાં - બે જ ખેતર હોય તોય - નવી રીતે ખેતી કરી શકાય. વૃક્ષો ઉછેરી શકાય. સંસ્થાઓમાં જોડાઈને સંસ્થાઓને વધારે સમાજકેન્દ્રી તથા ઉપયોગી બનાવી શકાય. હજાર હુન્નરો છે... ઘરમાં બેસીનેય કામગીરી ને કલા દ્વારા ઘણું બધું કરી શકાય ! આપણે ભણતરને જીવનનો ને સફળતાનો એકમાત્ર પર્યાય માની બેઠા એ મોટી ભૂલ છે. ભણતર એટલે આવડત... જીવન જીવવાની રીત, બસ એટલું જ માનવાનું છે.

આ બધી વાતો-વિગતો કરતાંય મહત્ત્વની વાત કહેવી છે તે કંઈક આવી છે :

ભણવાનો આનંદ આવે, ભણવાની મજા પડે એવું શિક્ષણ આપણે કેમ નથી આપી શકતા ? જે શિક્ષક અને જે શિક્ષણ પ્રકૃતિ તથા વાસ્તવજગતથી સાવ વેગળાં બની ગયા હોય એ વળી જીવતરની મજા ક્યાંથી-કેવી રીતે શીખવશે ભલા ? પોતાના વિષયના ખાબોચિયામાં જ ડૂબી મરેલો શિક્ષક (અરે ! વિષયનું જ્ઞાન નહિ ધરાવનારા જ વધુ છે) કૃતક રીતે બધું શીખવે છે... જીવન, પરિવેશ, પ્રકૃતિ, સભ્યતા, સંસ્કૃતિ સાથે જોડીને શીખવીએ તો બધાંને મજા આવે ! નપાસ થનારને પણ જીવન જીવવા જેવું લાગે એવું ભણાવનારા શિક્ષકો જ ક્યાં છે ? બીબાંઢાળ અભ્યાસક્રમો અને કંટાળાજનક શિક્ષણપ્રથાને વિદ્યાર્થીઓને હતાશ કરી દીધા છે. ગણિત ભણાવનાર પ્રો. પી. સી. વૈદ્ય કે વિજ્ઞાન-ખગોળ ભણાવનાર પ્રિ. છોટુભાઈ સુથાર એવી રીતે ભણાવતા કે બધાંને એમાં ભર્યું-ભર્યું જીવન પણ પામી શકાતું ! ઉત્તમ શિક્ષકો હોય અને વિષયોને જીવનલક્ષી રીતે શીખવતા હોય તો યુવાનોમાં ઉત્સાહ અને થનગનાટ વધે જ... ક્યાંય જીવનમાંથી પલાયનના વિચાર જ ન હોય ! બધા જ વિષયોને રસિક બનાવી શકાય છે પણ ટ્યૂશનની બદીએ દાટ વાળી દીધો છે. બધાંને ઉતાવળે આંબા પકવવા છે !

રાતે લેશન કરીને-વાંચીને સૂતો વિદ્યાર્થી વહેલી સવારે ટ્યુશન માટે જાય-સ્કૂલે જાય... સાંજે ફરી ટ્યુશન... ફરી લેશન ! ને સ્કૂલ તથા ટ્યુશનમાં ક્યાંક હળવાશ નહીં. પહેલાં ધોરણથી જ ટ્યુશન ! તો પછી શાળાઓ-શિક્ષકો શા માટે હોય છે ? વળી રિક્ષા કે મોટરવૅનમાં ઠાંસી-ઠાંસીને વિદ્યાર્થીઓ ભરવામાં આવે... એટલે આપણે જે રીતે ચાલતા સ્કૂલે જતા-આવતા અને રસ્તામાં જે મોજમસ્તી કરતા, વૃક્ષો-ફૂલો-ખેતર-સીમ-પશુ-પંખીઓ જોતા-ઓળખતા, ઋતુ-ઋતુનાં ફળ ખાતાં... ને ગામ-પાદર-શેરી-બજારની દુનિયા જોતાં-જાણતાં મોટા થતા એ આજના વિદ્યાર્થી પાસે રહ્યું નથી. એટલે જે ઉત્તમ અને ઉમદા શિક્ષણ મળતું હતું એ તો બંધ થઈ ગયું છે. ને હવે એક દીકરો કે દીકરીનો જમાનો છે... એટલે રજાઓમાં પણ મામા-મોસાળે કે માસી-ફોઈને ઘરે નિરાંતે રહેવા જવાનું થતું નથી. એ સંબંધો અને એ સમૂહજીવનના,

રમતોનાં, સ્નેહાદરના જે અનુભવો થતાં હતાં એની મજા પણ હવે મળતી નથી. એટલે આપણે વિદ્યાર્થીને બંધિયાર ઓરડા જેવો કરી દીધો છે. એને કદી સૂર્યોદય કે સૂર્યાસ્ત જોવા મળતા નથી. આપણે એને બધું બતાવવું જરૂરી સમજતાં નથી. ચંદ્રની કળાઓ, તારાભર્યું આકાશ, આગિયાથી ચમકતી સીમ તથા અંધકાર, નદી-ઝરણાંની મજા... અરે ! ભણવા-ભણાવવાની લાલચમાં આપણે વિદ્યાર્થીનું જીવવું જ છીનવી લીધું છે. જીવન કેટલું મજાનું છે એનો અનુભવ ન હોવાથી એ હતાશામાં આપઘાત કરવા જાય છે. આપણો સમાજ અને શિક્ષણજગત એ માટે નિંદાને પાત્ર છે.

બિન્દાસપણે મોજથી ભણવાનો આપણો જે અનુભવ હતો, એ કેટલો બધો મૂલ્યવાન હતો... એ અનુભવોએ જ આપણને જીવતાં અને કમાતાં શીખવેલું ! આપણે નથી કદી ટ્યૂશન કર્યાં કે નથી 'કશું બનવાનો' ભાર રાખ્યો...! એમાં મજા પડી અને જ્યારે જે જ્યાં જે રીતે મળ્યું એને એ રીતે જ અપનાવી અને તેમાં ઉત્તમ કરી છૂટવા મહેનત કરી ! આજના વિદ્યાર્થી પાસે આવી મુક્ત દુનિયા નથી રહી... એ તો ભણતરનું ગાડું ખેંચી-ખેંચીને બળદ બની ગયો છે - આધુનિક બળદ ! જેનું સમયપત્રક બીજાં લોકો બનાવે છે અને એને દોડાવે છે. છોડની કૂંપળ કે ફૂલની સુગંધ જોવા-સૂંઘવા જેટલો સમય પણ એની પાસે નથી. ઓછું હતું તે વળી મોબાઈલ ફોન, આઈપૉડ, ટૅબ્લેટ, લૅપટૉપ વગેરેએ પૂરું કરી દીધું ! પોતાના ઘર પાસેના લીમડાને એ ઓળખતો નથી. પાંચથી વધારે ફૂલ અને દસથી વધારે પંખીઓને એ ઓળખતો નથી. પછી પંખીઓનાં ગાન કે કલરવને તો એ ક્યાંથી જાણે ? સુગંધ અને સ્વાદ વિશે પણ એ એકાંગી બની ગયો છે. એને મેગી-પિત્ઝાની સુગંધ (?) આવે છે પણ એને શુદ્ધ ઘીમાં શેકાતી સુખડીની મસ્ત-મસ્ત સુગંધની ઓળખ નથી ! એને પ્રકૃતિની ખબર નથી, એને પોતાની સંસ્કૃતિ-સભ્યતા જાણવાનો સમય નથી અને એવી ઇચ્છાય નથી. એ ડૉક્ટર કે ઇજનેર થાય છે- પણ 'માણસ' થતો નથી.

એ પ્રકૃતિ-સંસ્કૃતિ વચ્ચે જીવનને માણતો ખરો 'માણસ' થઈ શકતો નથી. એટલે એનાં સંતાનોને પણ એવાં જ બનાવે છે - ને જાય ત્યારે તણાવ વચ્ચે જીવન જ ટૂંકાવી દેવાનું વિચારે છે ! આ દુષ્ચક્ર ભયાનક છે... આને અટકાવવા સમાજે - સરકારે ધરમૂળથી ફેરફારો કરવા પડે... જે માટે કોઈની તૈયારી નથી. બધાંને શૉર્ટકટ જોઈએ છે. જે દેશમાં, જે સમાજમાં પોતાનાં સંતાનોને પરીક્ષામાં ચોરી કરાવવા માટે વાલીઓનાં ટોળાં ઊમટી પડે ને એમાં શિક્ષક-આચાર્ય-કારકુન-સંચાલક-અધિકારી-પોલીસ બધાં જ સામેલ હોય... એ દેશ અને એ સમાજના યુવાનો એવા જ દોદળાં અને ખોખલાં જ રહેવાના ! એમાંથી ચિંતકો-સર્જકો-વિજ્ઞાનીઓ ઓછા જ પાકે, હા ! ભ્રષ્ટ રાજકારણીઓ અને ભ્રષ્ટ કર્મચારીઓ તો જરૂર પાકતા જ રહેશે એમાં કોઈ શંકા નથી !

આપણો વિદ્યાર્થી પણ વાલીઓ જેવી જ માંદલી માનસિકતા ધરાવે છે. 'ચોરી કરવા ન મળી એટલે ઓછા ટકા આવ્યા...' એમ કહીને યુવાન બચાવ કરે ત્યારે આપણને મન થાય કે 'ધરતી માર્ગ આપે તો સમાઈ જઈએ !' પારકી આશા પર જીવનારો યુવાન હવે એ સમજે તો સારું છે કે પોતાનું જો સ્વપ્ન છે તો મહેનત પણ પોતાની જ હોવી જોઈએ. એને હવે પ્રાથમિક શાળાથી ખુમારી, સ્વાભિમાન, આપબળનું મહત્ત્વ તથા મહેનતની કમાણીની વાતો તથા મજા શીખવવાં જરૂરી છે, એને મહેનત વગર કાંઈ ન આપો, સાથે રહો, સમજાવો, સગવડ આપો ને મજબૂત કરો તો એ કદી આપઘાત વિશે નહિ વિચારે ! ચકલી-બધાં પંખીઓ પોતાનાં બચ્ચાંને જલદી જલદી ઊડતાં શીખવાડે છે - નીડમાંથી બહાર ધકેલે છે... આપણે પંદર-વીસ વર્ષના દીકરાને 'ચમચીથી ખવરાવીએ' છીએ - ભણવામાં ખાસ ! કદાચ આપણને હજુ સંતાનો ઉછેરતાં જ નથી આવડતું ! નહિતર યુવાની તો બીજાને હતાશા-નિરાશામાં ખુવાર થતાં રોકવા માટે આગળ આવે જ ! આ પૃથ્વી પર આપણી જિંદગી આપણી નિરાશામાં વેડફી દેવાનો આપણને કોઈ જ અધિકાર નથી. જે જોઈએ તે સંઘર્ષ કરીને મેળવવાનું ને જાત સાથે વેઠીને વિજયી થવાનું !

*સાભાર : આપઘાતની ઘાત ટાળીએ*
*સંપાદક : મૌલિક જગદીશ ત્રિવેદી*

## ભણતર... ગણતર અને ચણતર

- મોતીભાઈ મ. પટેલ

ભૂમિકા : આપણે સામાન્ય રીતે ભણતર, ગણતર અને ચણતર વિશે વિગતે વિચારતા નથી. કેમ કે; શાળા-કૉલેજમાં વિદ્યાર્થીઓ જ ઔપચારિક શિક્ષણ પ્રાપ્ત કરે છે; તેને આપણે શિક્ષણ-ભણતર કે કેળવણી કહીએ છીએ. ખરેખર ભણતર કે શિક્ષણ કે કેળવણીનો પર્યાય નથી. આપણે થોડાક ઊંડા જઈને વિચારીએ તો માત્ર અક્ષરજ્ઞાન કે વૈધિક શિક્ષણ ભણતર છે. પણ એ ભણતરનો જીવનમાં યોગ્ય ઉપયોગ થાય, તો તે ગણતર બને છે. તેથી તો આપણે ત્યાં કહ્યું છે કે : 'ભણ્યા પણ ગણ્યા નહીં.' ભણતર સાથે ગણતર થાય તો જ જીવનનું ચણતર થાય. આ ચણતર એટલે વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ. આપણે આ ત્રણેના શબ્દાર્થ સમજીને વધુ વિચારીએ.

સંકલ્પના : સાર્થ ગુજરાતી જોડણીકોશ મુજબ : (જુઓ ગૂજરાત વિદ્યાપીઠનો સાર્થ ગુજરાતી જોડણી કોશ - ૧૯૯૫, પૃ.૧૬૬) ભણતર એટલે ભણેલું તે; શિક્ષણ (ભણેલું ઉપરથી). ભણવું એટલે શીખવું, બોલવું, કહેવું (ઉદા. ભણે નરસૈયો) અને વાંચવું - એવો થાય છે. મજાની વાત તો એ છે કે : ભણવું-ગણવુંનો અર્થ આવો આપ્યો છે : અભ્યાસ કરવો તેમ જ તેનો ઉપયોગ-અમલ કરી જાણવો. તેનો અર્થ એ થયો કે ભણ્યા પછી જીવનમાં તે ભણતરનો ઉપયોગ થાય તો જ ભણેલું સાર્થક ગણાય. તેથી જ પહેલાના જમાનામાં વિદ્યાર્થી ગુરુના આશ્રમમાંથી ભણી-ગણીને... સ્વગૃહે આવતો એમ કહેવાતું. આ ભણી-ગણીને એટલે : અભ્યાસ કરીને તેમ જ પાવરધા - હોશિયાર થઈને - એવો અર્થ થાય છે. એટલે કે; ઔપચારિક અભ્યાસ દરમિયાન મેળવેલી માહિતી-જ્ઞાનનો જીવનમાં યોગ્ય રીતે ઉપયોગ થાય... અમલ થાય તો જ ભણેલ વ્યક્તિ અભ્યાસ કરીને પાવરધી અને હોંશિયાર બની છે; એમ કહેવાય છે. આમ ભણતર ગણતર શબ્દને જ આપણે શિક્ષણ કહીશું. આ શિક્ષણને આપણે કેળવણી પણ કહીએ છીએ. આ કેળવણી આપણને પ્રયત્નપૂર્વક અને સહજ રીતે એમ બે પ્રકારે પ્રાપ્ત થાય છે. પ્રયત્નપૂર્વક જે કેળવણી અપાય છે તેને આપણે ઔપચારિક શિક્ષણ (Formal Education) કહીએ છીએ.

ગણતર શબ્દનો અર્થ (જુઓ સાર્થ જોડણીકોશ - પૃ. ૨૪૫) સાર્થ જોડણી કોશ મુજબ : (ગણવું ઉપરથી) ગણી શકાય એવું; ગણ્યુંગાંઠ્યું, જુઓ ગણતરી. ગણવુંનો અર્થ : સંખ્યા કાઢવી, હિસાબ કે ગણિતનો દાખલો કરવો, લેખામાં લેવું; આદર કરવો; સમજણ કે ડહાપણ મેળવવું. (જેમ કે ભણ્યો પણ ગણ્યો નહીં.) આમ ગણતરનો સાચો અર્થ સમજણ કે ડહાપણ થાય છે. એટલે માત્ર ભણતર પૂરતું નથી. તેથી તો લૉર્ડ આર્મસ્ટ્રોન્ગ કહે છે : "કેળવણીનાં ત્રણ પ્રજીવકો (Vitamins) છે : કેમ ભણવું; ભણવા પ્રત્યેનો પ્રેમ અને માત્ર ભણતર એ જ પૂરતું નથી એ વાતની પ્રતીતિ." (શિક્ષણદર્શન : ગુણવંત શાહ. ૧૯૯૬. પૃ. ૧) આમ ભણતર સાથે ગણતર અનિવાર્ય રીતે સંકળાયેલું છે. મોટા ભાગે ગણતર અનુભવમાંથી પ્રાપ્ત થાય છે. તે સહજ અને અનૌપચારિક હોય છે. તે ગમે તે સ્થળે... ક્ષણે અને ગમે તેની પાસેથી પ્રાપ્ત થાય છે. પદાર્થ... પ્રકૃતિ કે માનવ તેનાં માધ્યમ છે.

આપણને જે ઔપચારિક રીતે પ્રાપ્ત થાય છે તે ત્રણ 'આર'નું શિક્ષણ છે. જેમાં વાંચવું (reading), લખવું (Writing), અને ગણવું (Arithmetic)નો સમાવેશ થાય છે. આ હોય તે વ્યક્તિ 'ભણેલી' છે એમ કહેવાય. પણ તે 'શિક્ષિત' છે તેવું ન કહેવાય. આવું અક્ષરજ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય તોયે વ્યક્તિ ગણેલી હોઈ શકે જેને આપણે અભણ શિક્ષિત કહી શકીએ. આપણા દેશમાં હજુએ ૪૦ ટકા જેટલા નાગરિકો નિરક્ષર છે. તે અભણ જરૂર છે; પણ અશિક્ષિત છે એમ ન કહેવાય. કારણ કે, તેમનામાં સમજણ અને ડહાપણ તો છે જ. બીજી બાજુ આપણા દેશમાં ૬૦ ટકા જેટલા લોકો અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલા છે પણ તેઓ બધા શિક્ષિત છે તેમ ન કહેવાય. તેથી તો એક મિત્રે લખ્યું હતું; 'આ ભણેલા અભણોનો દેશ છે.' આ અભણો એટલે અશિક્ષિત. ભણતર છે પણ ગણતર નથી. માહિતીની યોગ્ય પ્રાપ્તિ પછી તેની સમજ પ્રાપ્ત થાય છે. એ માહિતીનો જ્યારે બીજી પરિસ્થિતિમાં ઉપયોગ થાય ત્યારે તે જ્ઞાન બને છે. જ્ઞાન એ પાવર (શક્તિ) છે. આ જ્ઞાનની શક્તિનો એલ્વિન ટોફલરે પોતાના પુસ્તક 'પાવર શિફ્ટ'માં ભારોભાર મહિમા ગાયો છે. જેની પાસે મસલ્સ પાવર છે, મની પાવર છે પણ માઈન્ડ પાવર નથી તે વ્યક્તિ આવતીકાલના યુગમાં જીવવા યોગ્ય નહીં રહે.

**કલાકાર બનાવે તે કેળવણી :** આમ ભણતર સાથે ગણતરની કેળવણીમાં ત્રણ 'એચ'નું મહત્ત્વ છે. હાથ (hand), મગજ (head), અને હૈયુ (heart). તેથી જ સ્તો કહ્યું છે કે : માત્ર હાથપગનો ઉપયોગ કરનાર કામદાર કહેવાય. હાથ-પગ ઉપરાંત મગજ વાપરનારો કારીગર ગણાય અને હાથ પગ-મગજ અને હૈયું રેડીને કામ કરનારો કલાકાર કહેવાય. આપણા દેશનો દરેક નાગરિક ભણતર અને ગણતર પ્રાપ્ત કરીને કલાકાર બને એ રાષ્ટ્ર માટે અનિવાર્ય છે. આ કલાકાર કક્ષાના માનવનું ઘડતર એટલે જ ભણતર-ગણતર અને ચણતર. એ મકાન નિર્માણનો પર્યાય છે. આપણે પણ વ્યક્તિના જીવનનું ચણતર જ કરીએ છીએ. જેમાં વ્યક્તિનાં મન, ચારિત્ર્ય અને શારીરિક ક્ષમતા પ્રભાવિત થાય છે. આમ વિશાળ અર્થમાં શિક્ષણ કે કેળવણી એ 'આજીવન' છે. વ્યક્તિ જીવનના અંતિમ શ્વાસ સુધી શિક્ષિત થતી રહે છે. જોકે વ્યક્તિ સાચી રીતે કેળવાયેલી હોય. આવી વ્યક્તિ જીવનભર અધ્યયનશીલ રહે છે. જીવનના અનુભવોમાંથી હરહંમેશ શિક્ષિત થતી રહે છે.

આપણે માત્ર જ્ઞાની જ નહીં ડહાપણથી ભરેલા નાગરિકોનું ઘડતર કરવું છે. માત્ર જ્ઞાની સમાજને નુકસાન કરી શકે. ડહાપણવાળો નાગરિક રાષ્ટ્રને નુકસાન થાય તેવું એકે વર્તન ન કરે. જ્ઞાની દુર્યોધન કે રાવણ બની શકે પણ ડહાપણવાળો યુધિષ્ઠિર કે રાજા જ બની શકે. આ ડાહ્યાઓએ વિશ્વને જીવવા યોગ્ય બનાવ્યું છે. આપણે રામ, યુધિષ્ઠિર પેદા ન કરી શકીએ તો કંઈ નહીં : વિકર્ણ અને જટાયું તો ઊભા કરી શકીએ. આજે આ દેશમાં ચોરે ને ચૌટે દ્રૌપદીનું વસ્ત્રાહરણ થઈ રહ્યું છે. કોઈ વિકર્ણ તેનો વિરોધ કરે છે ? આજે અનેક સીતાઓનું અપહરણ થઈ રહ્યું છે. કોઈ જટાયું તેનો સામનો કરીને શહીદ થાય છે ? આજના આ ભારતમાં આઝાદીનાં અડસઠ વર્ષ પછી સોનાનો સૂરજ ઊગ્યો છે ?! આજે તો રોજ સૂરજ ઊગે છે અને એક અઘટિત બનાવ જાહેર થાય છે. ભલભલા નેતાઓને નામોશીભરી સજાઓ થાય છે. તેથી તો દીવાળી પછીના નવલા બેસતા વર્ષના શુભ દિને કવિ શ્રી ઉમાશંકર જોશીની પંક્તિઓ યાદ આવી ગઈ :

*દેશ તો આઝાદ થાતાં થઈ ગયો,*
*તેં શું કર્યું ?*
*દેશ તો બરબાદ થાતાં રહી ગયો,*
*એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?*

('સમગ્ર કવિતા' - પૃ. ૫૪૮)

આપણે સૌએ આપણા રાષ્ટ્ર માટે શું કર્યું ? તે પ્રશ્ન પૂછવા જેવો છે. આજે... ગ્રામપંચાયતથી માંડીને યુનિવર્સિટી કે સચિવાલય સુધી ચારેકોર લુંટાય એટલું સૌ લૂંટે છે. રાજકારણીઓ, ગુંડાઓ અને પદાધિકારીઓ પોતાના રાષ્ટ્રને બને એટલો લૂંટે છે. આ લૂંટના માહોલમાંથી સાચું ભણતર-ગણતર અને ચણતર પામેલી વ્યક્તિઓ જ રાષ્ટ્રને બચાવી શકશે. બાકી તો બાપની પેઢી માનીને, લક્ષ્મીપતિઓના પગ ધોઈને... કાલાવાલા કરીને કેટલાયે શિક્ષણ સંસ્થાઓના સંચાલકો 'શિક્ષણ'નો વેપલો કરે છે. શિક્ષણ સાથે સ્નાન સૂતક નથી એવા તેના વહીવટકારો પોતાના નામના ધજાગરા કરવા પારિતોષિકો આપે છે; અને આમ ને આમ શિક્ષણનું ગાડું ગબડે છે.

**ચાલો બાળકો ઉગાડીએ :**

શ્રી કૃષ્ણ દવેએ, પોતાની એક કવિતામાં વાસ્તવિક ચિત્ર આવું આપ્યું છે :

**ચાલો પથારી ફેરવીએ દેશની !**

*તમને જરૂર છે ટેકાની ભાઈ મારા*
*અમને જરૂર છે કેશની (રોકડાની !)*
*હાલો પથારી ફેરવીએ દેશની !*
*છ મહિના હાલે તો ગંગાજી નાહ્યાં*
*આ વર્ષોની વર્તાયું મેલો*
*સાત પેઢી નિરાંતે બેસીને ખાય*

બસ એટલો જ ભરવો છે થેલો.
દો'વા દે ત્યાં લગી જ
આરતીયું ઊતરે છે
કાળી ડિબાંગ આ ભેંશની
ચાલો પથારી ફેરવીએ દેશની !
ફાઈલોનાં પારેવા ઘૂ ઘૂ કરે છે
હવે ચોકમાં દાણો તો નાખો
ગમે તે કામ કરો
અમને ક્યાં વાંધો છે ?
(પણ) આપણા પચાસ ટકા રાખો
ચૂલે બળેલ કૈંક ડોશીયુંના નામ પર
આપી દો એજન્સી ગૅસની
હાલો પથારી ફેરવીએ દેશની !
દેકારા, પડકારા, હોબાળા રોજે રોજ
વાગે છે નીત નવા ઢોલ
જેને જે સોંપશે એવો ને એવો
અહીં અદ્દલ ભજવશે ઈ રોલ
નાટકની કંપનીયું - ઈર્ષા કરે ને -
ભલે આપણે ત્યાં ભજવાતા વેશની
હાલો પથારી ફેરવીએ દેશની !

કવિએ આ દેશનું વાસ્તવિક કરુણ ચિત્ર આપણી સમક્ષ મૂક્યું છે. દોઢ અજબની વસ્તી ધરાવતા આપણા રાષ્ટ્રને આઝાદીના સત્તાવન વર્ષે બહાર લાવવો હોય તો જ્યાં જ્યાં ભ્રષ્ટાચાર અને દેશદ્રોહની ઘટના બને ત્યાં સાચો શિક્ષિત માણસ તેનો સામનો કરે. પણ પ્રથમ શરત એ છે કે, આપણે પોતે કેટલા પ્રામાણિક છીએ ? કેટલા નિર્દંભ છીએ ? કેટલા ગુણિયલ છીએ ? પ્રથમ આપણી જાત સુધારીએ; પછી આપણા બેસવાનું પાથરણું સ્વચ્છ રાખીએ. આટલું કરીશું તોયે નવા વર્ષને વધાવ્યાનો પડકાર પ્રાપ્ત થશે. આપણા સાચા શિક્ષક ચાણક્ય કહી ગયા છે કે : 'કોઈ પણ રાષ્ટ્રનું સરેરાશ રાષ્ટ્રીય ચારિત્ર્ય તે દેશના રાજકીય વ્યક્તિઓના સરેરાશ ચારિત્ર્ય કરતાં વધુ ન હોઈ શકે. વળી કોઈ પણ દેશની શિક્ષણની ગુણવત્તા તે દેશના શિક્ષકોની સરેરાશ ગુણવત્તા કરતાં ઊંચી ન હોઈ શકે ?' આપણે શિક્ષણ-કેળવણી દ્વારા એવી નવી પેઢીનું નિર્માણ કરીએ જે આ રાષ્ટ્રને ઉન્નત મસ્તકે વિશ્વમાં માન અપાવે. આપણે આજનાં બાળકોને એવાં શિક્ષિત કરીએ કે તેઓ નૂતન રાષ્ટ્રનું નિર્માણ કરે. પણ આ ખૂબ જ ધીમી પ્રક્રિયા છે. શિક્ષણ એ લાંબા ગાળાની અને ખૂબ ધીમી પ્રક્રિયા છે. તેથી ચીનમાં કહેવાત છે કે :

જો તમે એક વર્ષ માટે યોજના કરતા હોય તો દાણા વાવો
જો તમે દસ વર્ષ માટે યોજના કરતા હો તો વૃક્ષ ઉગાડો
જો તમે સો વર્ષ માટે યોજના કરતા હો તો બાળકો ઉગાડો

શિક્ષણ એ બાળકો ઉગાડવાની ધીમી છતાં ક્રાન્તિકારી પ્રક્રિયા છે. નૂતન વર્ષે આપણે નવી પેઢીને સાચુકલી પેઢી બનવાની તક આપીએ એ જ અભ્યર્થના.

•

# મમ્મી, વેકેશન એટલે શું ?

- ભદ્રાયુ વછરાજાની

બાળકનું બાળપણ ઝૂંટવી લેવાની ભૂંડી દોડ સમાજમાં વ્યાપી છે...

મારાં જૂનાં રમકડાં શોધતો રહું છું.
માં, લાગણી છે, મારામાંથી જતી રહી છે.
પકડીને ગાલ બંને માથું ઉપર દબાવી
પાડી'તી પ્રેમથી એ પાંથી જતી રહી છે.
છપ્પન વખત કર્યાં છે સાહસ જે દોસ્તીમાં
છપ્પનની એ સમયની છાતી જતી રહે છે.
કુમળાં શરીર સાથે કપરાં પરાક્રમોની
ઉંમર હતી એ સૌથી તાજી જતી રહી છે.
એ પેન ક્યાં ગઈ ક્યાં પાટી જતી રહી છે ?
બાળકની એક આખી જાતિ જતી રહી છે !!

એક કવિ સંમેલનમાંથી સાંભળવા મળેલી કવિ મોહસીન મીરની આ રચના દિલને ઝણઝણાવ્યા વગર રહેતી નથી. ઉછળતી-કૂદતી-હસતી-રમતી બાળકોની એક આખી જાતિ જતી રહી છે અને યંત્રવત્ - ચોકઠાંબદ્ધ-જુવાનજોધ બાળપણ ચારે તરફ Conditioned માહોલમાં જીવી રહ્યું છે ! પણ, આ માટે જવાબદાર કોણ એવું પૂછી શકાય તેમ નથી, કારણ કોઈ એક સામે આંગળી ચીંધવા જઈશું તો અન્ય ત્રણ આંગળી આપણી તરફ પણ નિર્દેશ કરશે જ. બાળકનું બાળપણ ઝૂંટવી લેવાની ભૂંડી હોડ સમાજમાં વ્યાપી છે ત્યારે બાળક સ્હેજે પૂછી શકે કે : મમ્મી, વેકેશન એટલે શું ?

પણ બાળકને મમ્મી પાસેથી તો જવાબ ક્યાંથી મળશે ? જે ખુદ પોતે ૨૪x૭ અને ૩૬૫ દિવસ રસોડાંની ચાર દિવાલો અને ઘરની ચૌખટ પર વીતાવવામાં જ વ્યસ્ત રહી જિંદગી ગુઝારે છે અને જેને પોતાને જ Relaxing Vacationનો લાભ નથી મળતો તે મમ્મી બાળકને શો જવાબ આપે ? બાળકને સ્કૂલમાં છૂટ્ટી પડે ને મમ્મીનો વર્કલોડ વધે. બાળક ઘરમાં એટલે મમ્મી-પપ્પા ટેન્શનમાં ! દાદા-દાદી કે નાના-નાની ઘરમાં હોત તો આ ટેન્શન ના રહેત, પણ સ્થિતિ તો જુદી છે એટલે પછી બધું જ બધું આવી પડે છે મમ્મી - પપ્પા પર. તેમને બાળક સાથે નિરાંતનો - મસ્તીનો - રમવાનો - હલ્લાગુલ્લા કરવાનો તો મહાવરો જ નથી કારણ બાળક જન્મ્યુ ને છ મહિના તો Caretaker તરીકે મમ્મી-પપ્પાનાં કોઈ મમ્મી કે પપ્પા રહ્યા અને પછી બાળકને સાચવ્યું ખરી caretaker સ્ત્રી અને એ બાળક દોઢ વર્ષનું થયું ત્યાં તો તેને લઈને મા-બાપ પહોંચી ગયાં પ્રિ-સ્કૂલના દરવાજે ! હાઈ ફાઈ પ્રિ-સ્કૂલના સંચાલકને હાથ જોડી વિનંતી કરી કે, સરકાર ભલે ના પાડે પણ તમે જોઈએ તેટલી ફી લઈ લો પણ આ ટબુડિયાંને સાચવો તો અમે બંને અમારાં કામે વળગીએ... દોઢ વર્ષનું ટેણિયું સ્કૂલ ભેગું થયાનો માંડ હાશકારો મમ્મી-પપ્પા લે ત્યાં વર્ષમાં બે વાર પડે વેકેશન ! આ વેકેશન નજીક આવે ને મમ્મી-પપ્પાના ચહેરાનું નૂર ઊડી જાય. અને આ ઊડી ગયેલું નૂર જોઈ શાળા સંચાલકો કે ટ્યુશન ક્લાસિસવાળાઓનાં મોઢા પર તેજ આવી જાય. રેલવે ખાતું સમર સ્પેશિયલ ટ્રેન જાહેર કરી પૈસા રળી લે તેમ જ આ લોકો વેકેશન સ્પેશિયલ હોબી વર્ગો જાહેર કરી રોકડા કરી લે. મા-બાપ આનંદમાં અને બાળક ફરી કેદમાં ! મમ્મી-પપ્પા માટે સોસાયટીમાં મોટાઈ દેખાડવાનો મોકો અને સાથે બાળક ઘર બહાર રહેતાં Relaxing Time ! બધા મઝામાં, માત્ર પેલું ટેણિયું સજામાં !! અને એટલે બાળક મમ્મીને પૂછે કે : મમ્મી, વેકેશન એટલે શું ? તો મમ્મી જવાબમાં બાળકને ધકેલી દે પેલા હોબી ક્લાસિસમાં, બાળકને ક્યાં જવું છે તે વિચાર્યા વગર બાળકે ક્યાં જવું જોઈએ તે મમ્મી-પપ્પા નક્કી કરી નાખે છે ને વેકેશન બાળક માટે ધૂંસરી બની જાય છે... હવે જવાં જેવાં ઠેકાણાં તો રહ્યાં નહીં કારણ કોઈને આવકારવા જેવાં આપણાં ખુદનાં આંગણાં રહ્યાં નહીં... પહેલાં 'મામા મહિનો' ગણાતો વેકેશનમાં, પણ હવે તમે ય કોઈકના મામા-મામી છો એટલે 'તમારાં' મામા ઘરે જશે તો તમારા ભાણીયાઓય

તમારા ઘરે આવશે એ વિચારે જ આખી પ્રક્રિયા પર બ્રેક મારી દીધી, અને 'મામા મહિનો' ગુમ થઈ ગયો. હા, કાર્બાઈડમાં નાખીને કેરીને જલદી પકવી નાખવાનો આખો કારસો થઈ ગયું વેકેશન !

સ્વરાજ આશ્રમ, બારડોલીમાં ચાલતી સ્વરાજ કન્યા વિદ્યાલયનાં સેવામૂર્તિ નિરંજનાબહેન કલાર્થીએ કહ્યું કે : અમારી દીકરીઓ તો દૂર ડુંગરાળ અંતરિયાળ ગામોમાંથી આવીને અહીં ભણે છે, રહે છે, જીવન શીખે છે. ધરમપુરથીય દૂરદૂર વસતા આદિવાસીઓને તો બે ટંક ખાવાનું કે ચોખ્ખું પીવાનું પાણી આજે ય મળતું નથી. આ દીકરીઓને પૂછો કે વેકેશનમાં ઘરે જઈ શું કર્યું ? તો તેનો જવાબ હૃદયદ્રાવક હોય છે : 'મા, અમે તો અમારાં બા-બાપુને પાણી ભરી લાવવામાં ને કશુંક ખાવાનું શોધી લાવવામાં જ વેકેશન કાઢ્યું. માં, અમારે ત્યાં એવું ફળ ઊગે કે જે ખાવ તો ઘેન ચઢી જાય, તે ફળ ખાઈએ એટલે બે-ત્રણ દિ' ઊંઘ્યા કરીએ, એટલે બે-ત્રણ દિવસો સુધી ભૂખ ના લાગે !! કેટલી નિરાંત !'

---

## તમે ક્યારેય આપઘાત કર્યો છે ?

*- જગદીશ ત્રિવેદી*

હું નાનો હતો ત્યારે ખૂબ તોફાની હતો. અત્યારે માત્ર ઉંમરમાં મોટો થયો છું. પરંતુ શાણો થયો નથી. માત્ર મારા તોફાનોનો પ્રકાર બદલાયો છે. હું ભણતો ત્યારે મારા માબાપ મારાથી કંટાળીને સવારે મને નિશાળમાં મૂકી જતાં અને મારા શિક્ષકો મારાથી કંટાળીને બપોર પહેલાં મને ઘરે મૂકી જતાં હતાં.

હું માત્ર દસ વરસનો હતો અને મારા માવતર મને લીંબડીની બ્રાહ્મણ બૉર્ડિંગમાં મૂકી ગયા. ત્યાં ત્રણ વર્ષ સુધી બૉર્ડિંગના સંચાલકોએ મને સામૂહિક રીતે સહન કર્યો. ત્રણ વર્ષ બાદ મારા માબાપને બોલાવીને કહ્યું કે આપ વાલી છો પરંતુ આપનો દીકરો મવાલી છે, અમે એને રસ્ટીકેટ કરીએ છીએ. લીંબડીની બ્રાહ્મણ બૉર્ડિંગના આજ દિવસ સુધીના ઈતિહાસમાં બરતરફ થયેલો એકમાત્ર વિદ્યાર્થી થવાનું સૌભાગ્ય ઈશ્વરે મને આપ્યું છે.

ત્યારબાદ મારા માબાપ મને લીંબડીમાં જ રહેતાં અમારાં દૂરનાં સગાંના ઘેર મૂકી ગયા. બૉર્ડિંગના સંચાલકો બાદ થાકવાનો વારો શાળાના સંચાલકોનો હતો. તે દિવસોમાં અગિયારમાં ધોરણની સ્થાનિક પરીક્ષામાં નબળા વિદ્યાર્થીને પણ નાપાસ કરવાનો રિવાજ નહોતો. મારા શિક્ષકોએ મારા તોફાનોથી તંગ આવીને મને સજાના ભાગરૂપે સ્થાનિક પરીક્ષામાં નાપાસ કર્યો. મને અગિયારમાં ધોરણમાં શિક્ષકોએ નાપાસ કર્યો અને બારમા ધોરણમાં મેં મારી લાયકાતથી નાપાસ થઈને બતાવ્યું. મને થયું કે હું મારી જાતે નાપાસ પણ ન થઈ શકું એટલો બધો નબળો નથી.

ઉપરોક્ત ઘટના મારી હાસ્યકથા નથી પરંતુ મારી આત્મકથા છે. અત્યારે ૨૫ ઑગસ્ટ ૨૦૧૬ અને જન્માષ્ટમીના દિવસે અમેરિકાના ટેક્ષાસ રાજ્યના ઑસ્ટીન શહેરમાં બેસીને આ લેખ લખી રહ્યો છું ત્યારે મને વિચાર આવે છે કે ૧૯૮૪માં જ્યારે હું ત્રીજી વખત નાપાસ થયો ત્યારે મને અત્યંત આઘાત લાગ્યો હતો. એ વખતે મેં આપઘાત કરી લીધો હોત તો ?

તો હું ત્રણ વખત પીએચ.ડી. થઈ શક્યો ન હોત, મેં પચાસ વરસની ઉંમરમાં પચાસ પુસ્તકો લખ્યાં છે, જો હું મરી ગયો હોત તો એકપણ પુસ્તક લખી શક્યો ન હોત. આ મારી ચોપાનવી વિદેશયાત્રા છે. જો મેં ૧૯૮૪માં આત્મહત્યા કરી હોત તો મેં મુંબઈ પણ જોયું નહોતું. આજે સમાજમાં મારી નાનકડી ઓળખ હાસ્યકલાકાર અને હાસ્યલેખક તરીકે છે. જો મેં સુસાઈડ કર્યું હોત તો જીવનમાં એક પણ કાર્યક્રમ આપ્યો ન હોત અને એક પણ લેખ લખ્યો ન હોત.

જો ઉપરનાં કાર્યો ન થઈ શક્યાં હોત તો આ વિરાટ વિશ્વને કે સમાજને ખાસ કશું નુકસાન થયું ન હોત, કારણ કે પૃથ્વી તો બહુરત્ના છે. અહીં પીએચ.ડી. થનારા, પુસ્તકો લખનારા, વિદેશમાં જનારા, કાર્યક્રમો કરનારા લોકોની કમી નથી. મારા આપઘાતથી અખિલ બ્રહ્માંડમાં કોઈ ઉથલપાથલ થવાની નહોતી પરંતુ મારા પરિવાર ઉપર અસહ્ય ઉલકાપાત થયો હોત એ નક્કી હતું. દેશનો વડા પ્રધાન મરે કે કોઈ સાવ સામાન્ય માણસ મરે એ બંનેનાં સ્વજનોને થનારા દુઃખની માત્રામાં રજમાત્ર તફાવત હોતો નથી. આપઘાત કરનારા દુઃખમાંથી છૂટી જાય છે પરંતુ તેમના સ્વજન આજીવન દુઃખી થાય છે.

હું ઠોઠ નિશાળિયો નહોતો, પરંતુ મારી પ્રતિભા ગેરમાર્ગે જવાથી હું બે વખત નાપાસ થયો એનું મને અસહ્ય દુઃખ થતું હતું. હું એ દુઃખને જીરવી ગયો તો ૧૯૮૪થી ૨૦૧૬ સુધીનાં બત્રીસ વરસમાં મને મારી લાયકાત કરતાં પણ વધુ મળ્યું છે. આજે મારી સફળતાથી મારા સ્વજનોને અત્યંત સંતોષ છે. જો મેં આત્મવિલોપન કર્યું હોત તો આ સંતોષ એમને ક્યારેય મળવાનો નહોતો. હું તો સાવ સામાન્ય માણસ છું પરંતુ આ જગતમાં અનેક વિશ્વવિખ્યાત માણસો એવા છે જે ભૂતકાળમાં અત્યંત નિષ્ફળ અને બેહદ દુઃખી હતા. તે લોકોએ નિરાશ થઈને આયખું ટુંકાવ્યું નહીં તો મહાન માણસ થઈ શક્યા અને સુંદર જગતને અધિક સુંદર બનાવવામાં પોતાનો અર્ઘ્ય આપી શક્યા.

પ્રકૃતિએ પ્રત્યેક મનુષ્યને તેની લાયકાત મુજબનું પાત્ર આપીને જગત નામની વિશાળ રંગભૂમિ ઉપર જીવનનાટક ભજવવા મોકલ્યો છે. એ પાત્રને બરાબર ન્યાય મળે તે માટે જીવ રેડી દેવો તે દરેક માણસની ફરજ છે પરંતુ જીવ રેડવાને બદલે જીવ કાઢી નાખીને ખોટી Exit કરવાનો કોઈને હક્ક નથી. પોતાને મળેલા પાત્રને તખ્તા ઉપર જીવતું કરીને લેખક, દિગ્દર્શક, સહાયકો, સહકલાકારોથી લઈને પ્રેક્ષકો સુધી સૌની ભરપૂર દાદ મેળવવી તે દરેક મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે. સ્વરાજ કરતાં પણ સ્વસમજ બહુ મૂલ્યવાન જણસ છે. જો માણસ ઉતાવળમાં ખોટી Exit કરી બેસે તો તેની સાથે નાટક કરનારા માટે નાટક પૂરું કરવું ખૂબ કઠીન થઈ પડે છે. ત્યારબાદ પેલા પાત્ર સાથેનાં સંવાદો અને ઘટનાઓનું મંચન કેવી રીતે થઈ શકે ? દરેક કલાકારે પાત્રને જીવતું કરવાનું છે તેને મારી નાખવાનું નથી.

હિન્દુ ધર્મની માન્યતા મુજબ જીવ ચોર્યાસી લાખ અલગ-અલગ જન્મ ધારણ કરે પછી તેને મનુષ્યનો મોંઘો અવતાર પ્રાપ્ત થાય છે. જે અવતાર માટે ચૌર્યાસી લાખ જન્મારા સુધી રાહ જોવી પડે તે જીવનનો અકાળે અંત આણવાથી મોટું નુકસાન બીજું કોઈ નથી. દરેક ધર્મનો માણસ એક વાત સ્વીકારશે કે જન્મ અને મરણ મનુષ્યના હાથમાં નથી. જો કાયદો હાથમાં લેવો એ ગુનો હોય તો જન્મ-મરણનો કુદરતનો કાયદો હાથમાં લઈને આપઘાત કરનારા કુદરતનો કેવડો મોટો ગુનેગાર થાય તેની તો કલ્પના જ કરવી રહી ! આત્મહત્યા કરનારા આત્માથી કુદરત રૂઠી જશે અને આત્મા તો ક્યારેક સળગતો, પલળતો, સુકાતો કે છેદાતો નથી એવા આત્માને કુદરત બીજા જન્મમાં માનવનું મૂલ્યવાન ખોળિયું આપે 'યહ બાત કુછ હજમ નહીં હોતી હૈં.' આમ મારી દષ્ટિએ આપઘાતથી મોટી કોઈ અધોગતિ નથી અને આ દુનિયામાં કોઈને આત્મવિલોપન કરવું પડે એવાં એક પણ દુઃખની શોધ થઈ શકી નથી.

આપઘાત વિશે આટલી ભૂમિકા બાદ મારે આપને ત્રણ સવાલ કરવા છે. મારો પ્રથમ પ્રશ્ન એ છે કે આપે જીવનમાં ક્યારેય આત્મહત્યા કરી છે ? જો આપના જવાબ 'હા' હોય તો કુલ કેટલી વખત આપ આપઘાત કરવામાં સફળ થયા છો ? મને વિશ્વાસ છે કે તમામ વાચકનો જવાબ 'ના' હશે. જો કોઈનો જવાબ 'હા' હશે તો મને આશ્ચર્ય સાથે આનંદ થશે કે ભૂત પણ ભૂતનો લેખ વાંચે છે.

મારો બીજો સવાલ છે કે તમે ક્યારેય મરવાનો પ્રયાસ કર્યો છે ? જો આપનો જવાબ 'ના' હોય તો અભિનંદન, પણ આપનો જવાબ 'હા' હોય તો લાખ લાખ અભિનંદન. આપે આપઘાતનો પ્રયાસ કર્યો છતાં કુદરતે તમને બચાવી લીધા એનો અર્થ એ થયો કે ભલે તમને કુદરતમાં વિશ્વાસ નથી પરંતુ કુદરતે હજુ તમારામાંથી શ્રદ્ધા ગુમાવી નથી.

મારો ત્રીજો પ્રશ્ન સૌથી ગંભીર છે. તમે ક્યારેય આપઘાત કરવાનો વિચાર કર્યો છે ? જો આપનો જવાબ 'ના' હોય તો કોઈ પ્રશ્ન નથી પરંતુ 'હા' હોય તો આપ અસ્વસ્થ છો. આપઘાત કરવો, આપઘાત કરવાનો પ્રયાસ કરવો એ બંને કરતાં આપઘાત કરવાનો વિચાર કરવો એ રજમાત્ર ઓછી ગંભીર પ્રક્રિયા નથી. વિશ્વનાં દરેક યુદ્ધ ખેલાયાં તે પહેલાં માનવીનાં મનમાં વિચારસ્વરૂપે માનવસંહાર કરી ચૂક્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણએ કુરુક્ષેત્રનાં મેદાનમાં અર્જુનને કહ્યું કે આ તમામને મેં મારી નાખ્યા છે, તારે તો અકર્મણ્ય ભાવથી માત્ર નિમિત્ત બનવાનું છે. આમ વિચાર કૃષ્ણ છે અને વર્તન અર્જુન છે. આપને આ પુસ્તક વાંચ્યાં પછી જીવનમાં ક્યારેક આપઘાત કરવાનો વિચાર પણ ન આવે એવી શુભકામના.

*સાભાર : આપઘાતની ઘાત ટાળીએ*
*સંપાદક : મૌલિક જગદીશ ત્રિવેદી*

# અભ્યાસક્રમ-રચયિતાએ ધ્યાનમાં રાખવા જેવું

- ડૉ.ભરત જોશી 'પાર્થ મહાબાહુ'

આજે ઇન્ટરનેટમાં લટાર મારતાં-મારતાં 'ચેઇન્જ લર્નિંગ' નામનું એક સ્થળ નજરે ચડ્યું. તેમાં આજના અને આવતી કાલના શિક્ષણના સંદર્ભમાં જે વાંચવા મળ્યું તેના આધારે થયેલી નોંધને સાચવી લેવા અને 'ગમતાનો ગુલાલ' કરવા આ લેખ કર્યો છે.

આજે આપણે જેમાં શ્વસી રહ્યા છીએ તે જગત અદ્ભુત છે. મનુષ્ય દ્વારા રચાયેલું આ જગત છે. કુદરતે આપણને આપેલું જગત સાવ નોખું હતું. આપણે તેમાં એટલા ફેરફાર કર્યા કે તેનું મૂળ સ્વરૂપ તો ગોત્યું હાથ લાગે તેમ નથી. (ઢૂંઢતે હી રહ જાઓગે) મનુષ્યે કરેલાં પરિવર્તનોમાં એક છે ઔપચારિક શિક્ષણનો આવિષ્કાર. ઔપચારિક શિક્ષણનો આરંભ થયો તે સમયે હતું તેના કરતાં આજનું જગત સાવ નોખું કે અનોખું છે તે વાતમાં કોઈ અસંમત નહીં થાય. મનુષ્ય ઉત્ક્રાંત થયો ત્યારથી જ જગતને બદલવામાં તેણે યોગદાન આપવા માંડેલું. તેમાં વળી ઔપચારિક શિક્ષણ હાથમાં આવતાં આ કામ સહેલું અને ઝડપી બની ગયું. માણસે જગતને બગાડ્યું છે તેમ નથી કહેવું, પરંતુ તેણે જગતને બદલ્યું છે તેમ કહેવું છે. બદલાવ સારો છે કે નરસો તે તો નક્કી કરનારના દૃષ્ટિકોણ ઉપર આધાર રાખે છે, બદલાવ કે પરિવર્તન કદી બધાં માટે સારું કે બધાં માટે નરસું નથી હોતું.

શિક્ષણને પરિવર્તનના પ્રવેગક કે ઉદ્દીપક તરીકે ઓળખવામાં આવે છે. શિક્ષણના આરંભથી આજ સુધીના સમયખંડમાં પરિવર્તનનો વેગ નાટકીય રીતે ઝડપી બનતો રહ્યો છે. આપણા વિચારોને નોંધી લેવાનું પરાક્રમ મનુષ્યે ૩૦૦૦ વર્ષ પહેલા કરેલું છે તેનો પુરાવો ઉત્ખનનમાં મળી આવેલી માટીની તકતી દ્વારા સાંપડે છે. જ્ઞાન પેઢી દર પેઢી વિકસતું ચાલ્યું. આપણે વરાળ યંત્રની શોધ કરી. આ પછી માત્ર ૩૦૦ વર્ષ પછી આપણે અવકાશ યાન શોધવા સુધી પહોંચી ગયા. નવી માહિતીનું સર્જન વેગવંતુ બની ગયું. એક અનુમાન મુજબ આજે દુનિયામાં દર વર્ષે પાંચ એક્ઝાબાઇટ જેટલી નવી માહિતી સર્જાય છે. એક એક્ઝાબાઇટ બરાબર એક કરોડ ગીગાબાઇટ. આ માહિતી દુનિયાના કોઈ મોટા ગ્રંથાલયમાં સંગ્રહાયેલી માહિતી કરતાં ૩૭૦૦૦ ગણી છે ! આજથી એકાદ દાયકા પહેલા ગૂગલ વિશે કે વિકીપીડિયા વિશે કોણ જાણતું હતું ? છેલ્લા દાયકાઓમાં પરિવર્તનનું આયુષ્ય બહુ ટૂંકું થઈ ગયું છે. આપણે જેમાં જન્મ ધારણ કરીએ તેના તે જગતમાં મૃત્યુ નહીં પામીએ. 'વન કેન નોટ સ્ટેપ ટ્વાઇસ ઈન ટુ અ રિવર' એ કહેવત યાદ કરો. આથી શિક્ષણે આજનો વિચાર કરવો કે આજ સાથે તાલ મિલાવવો એ અપૂરતું થઈ પડ્યું છે. તેણે અજ્ઞાત ભવિષ્યને સ્વીકારી શકે તેવા લવચિક વિચારોને સર્જવાના છે.

શિક્ષણ ઉપર અર્થવ્યવસ્થાનો મોટો પ્રભાવ છે. ઉદ્યોગ આધારિત અર્થવ્યવસ્થામાં શારીરિક શ્રમને મહત્ત્વ અપાતું હતું, તેને બદલે હવે જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થા સ્થાપિત થવાથી શારીરિક શ્રમને સ્થાને નવસર્જન, સમસ્યા-ઉકેલ અને અનુકૂલનશીલતાની બલ્લે- બલ્લે થવા લાગી. શ્રમ આધારિત અર્થવ્યવસ્થા કરવટ બદલી રહી છે. શ્રમ વિશેનો અભિગમ બદલાયો છે. શ્રમનું અવમૂલ્યન થવા પાછળ સ્માર્ટ સ્કિલ વિશેની વિકસેલી સમજ કારણભૂત છે. શ્રમને અવગણી શકાય તેમ નથી, પણ નૂતન અભિગમ કાર્યની એવી ઢબ સ્વીકારે છે કે ઓછા પરિશ્રમે વધુ ઉત્પાદકતા સાંપડે. આજનું અર્થતંત્ર કાર્ય, ઉત્પાદકતા અને ઉત્કર્ષ વિશેના ધરમૂળથી નોખા ખ્યાલો ધરાવે છે. શિક્ષણમાં શ્રમનો મહિમા આ નૂતન વિચારણાની ઓથે કરવો પડશે. આ માટે શાળાનું સ્વરૂપ, શિક્ષણની સંકલ્પના અને શીખવાની પ્રક્રિયા વિશે નવા છેડાથી ખેતર ખેડવું પડશે.

આજના વિદ્યાર્થીઓ ડિજિટલ ટેક્નોલજિ સાથે ઊછરી રહ્યા છે એમ કહેવા કરતાં આજના વિદ્યાર્થીઓ ડિજિટલ ટેક્નોલૉજી દ્વારા ઊછરી રહ્યાં છે તેમ કહેવું વધુ યોગ્ય ગણાશે. આજના વિદ્યાર્થીઓ ડિજિટલ ટેક્નોલૉજી દ્વારા ઊછરતી પ્રથમ પેઢી છે. આ ટેક્નોલૉજીએ જ્ઞાનને જોવાની, માહિતી ખોળી કાઢવાની અને ખોળી કાઢેલી માહિતીને આપણા જગત સાથે જોડવાની આપણી પ્રક્રિયા નવા સ્વરૂપે પ્રગટાવી છે. શિક્ષણમાં મૂળભૂત રીતે આ જ પ્રક્રિયા અપેક્ષિત છે. મનુષ્યના આમજીવન પર ડિજિટલ ટેક્નોલૉજીએ પાથરેલા પ્રભાવને લીધે આ પરિવર્તન આવ્યું છે. ઔપચારિક શિક્ષણ આમાંથી શી રીતે બચી શકે ? એક તરફ નવી ટેક્નોલૉજીએ સઘન અધ્યયનની આશ્ચર્યજનક અને અપ્રચલિત સંભાવનાઓ સર્જી છે તો

બીજી તરફ માહિતીની માત્રા અને ગતિમાં ઝંઝાવતી ફેરફારો કર્યા છે. વિદ્યાર્થીઓને અધ્યયનની આ અપ્રચલિત સંભાવનાઓને ઝડપી લેવાનું અને માહિતી ઉપર આંગળીનાં ટેરવે અંકુશ કરતાં કરવા એ બંને શિક્ષણમાં જરૂરી છે, એટલે કે શિક્ષણનું હવે એવું સ્વરૂપ અનિવાર્ય બને છે જેમાં બંને કાર્યો શીખવાનાં હોય.

ગામડાંઓ ભાંગી રહ્યાં છે તેવી કાગારોળ હવે જૂની થઈ ગઈ છે. ગ્રામસમાજ હવે શહેરી સભ્યતા તરફ ખસી રહ્યો છે. આ માટે ગામડાં છોડી શહેરોમાં જવું અનિવાર્ય નથી રહ્યું. હવે તો દેશાંતર વધી ગયું છે. સમાજની વિભાવના બદલાવા લાગી છે. આપણે સમુદાયો સાથેના આંતરજોડાણથી છેડો ફાડવા માંડ્યા છીએ અને કુટુંબની વિભાવના તો સાવે બદલાઈ ગઈ છે. સંયુક્ત કુટુંબ હવે પૌરાણિક કથાઓ જેવી વાત લાગે છે, કારણ કે આપણે હવે ન્યુક્લિયર/ વિભક્ત કુટુંબ કે સિંગલ પેરેન્ટ કુટુંબમાં તબદીલ થવા માંડ્યા છીએ. સમાજમાં કાર્યદળ(વર્કફોર્સ)માં મહિલાઓની સંખ્યામાં અપ્રતિમ વધારો નોંધાયો છે. માધ્યમો, જાહેરખબરો અને ઉપભોક્તાવાદે કચકચાવીને ધડાકાભેર પ્રગટીકરણ કર્યું છે. સમાજ બદલાઈ ચૂક્યો છે. શિક્ષણ પાસે 'બદલાવું' કે 'ન બદલાવું' તેવા વિકલ્પો ઉપલબ્ધ નથી રહ્યા.

જગત બદલાઈ રહ્યું છે. ઈ.સ. ૧૮૨૪ પહેલાં સૌથી ઝડપી પરિવહન-ટ્રાન્સપોર્ટેશન ઘોડાથી ઝડપી ન હતું. માણસ કે માહિતી આટલી ઝડપે પ્રવાસ કરતાં. આજના જગતમાં આશરે સાત અબજ લોકોના પ્રવાસ અને માહિતીની આપ લે સાથે આ હકીકત સરખાવી જુઓ. જગતની વિશાળતાનું કોઈ અસ્તિત્વ જ નથી જાણે. આપણું જોડાણ વૈશ્વિક બની ચૂક્યું છે. कर ली दुनिया मुट्ठी में. ઉમાશંકરનું 'બનું વિશ્વમાનવી' સાકાર થયું! આપણે માત્ર વૈશ્વિક રીતે જોડાયા જ નથી, આપણા કલ્યાણ માટે પડકાર બનેલી સમસ્યાઓને ઉકેલવા પરસ્પરાવલંબી બન્યા છીએ. આપણે શાળાઓ, મહાશાળાઓ અને યુનિવર્સિટીઓમાં ચાલતા અભ્યાસક્રમોને આ સંદર્ભથી નહીં બદલીએ, તો તેને નકામા બનતા રોકી નહીં શકીએ. બીજા શબ્દોમાં આજના અભ્યાસક્રમોને આજના આ સંદર્ભથી મૂલવવાનો સમય આવી પૂગ્યો છે. આજની ઘડી તે રળિયામણી રે લોલ! (૧૫-૨-૨૦૧૭)

---

## શિક્ષણની ગુણવત્તા સુધારણા કાર્યક્રમ અંતર્ગત પડતી મુશ્કેલી

**- દિવ્યાંગભાઈ એમ. પંડ્યા**

*આચાર્યશ્રી, પ્રેરણા સેકન્ડરી સ્કૂલ, નારણપુરા, અમદાવાદ*

આજકાલ આપણે સૌ જાણીએ છીએ કે સમાજમાં શિક્ષણપ્રત્યે જાગૃતતા લાવવા માટે સરકાર અથાગ પ્રયત્નો કરી રહી છે. વર્તમાનપત્રો, મીડિયા તથા જાગૃત સંસ્થાઓ દ્વારા શિક્ષમમાં જાગૃતતા લાવવા માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યાં છે, છતાં જોઈએ તેવી જાગૃતતા શિક્ષણમાં આવી નથી મારા મત પ્રમાણે આ ભગીરથ કાર્યમાં નીચે પ્રમાણેની મુશ્કેલીઓ પડી રહી છે.

૧. સમાજમાં પ્રવર્તતી માનસિકતા : મોટા ભાગના વાલીશ્રીઓના મત પ્રમાણે સારું શિક્ષણ બાળકોને આપવા છતાં બાળકોનું ભવિષ્ય અંધકારમય રહે છે. કારણ કે અભ્યાસ સારો કરાવવા છતાં લાયક નોકરી કે તકો મળતી નથી. આ ઉપરાંત જ્યારે તક મળે છે ત્યારે આર્થિક શોષણ કરવામાં આવે છે. વળી આજનું શિક્ષણ અતિશય મોંઘું થતું જાય છે. જે સામાન્ય વ્યક્તિને પોષાય તેમ નથી. આ કારણે પ્રત્યેક વ્યક્તિ શિક્ષણથી દૂર થતી જોવા મળે છે. જેના કારણે શિક્ષણની ગુણવત્તામાં સુધારો થતો જોવા મળતો નથી, અથવા તો ગુણવત્તા સુધારણા કાર્યક્રમમાં સમાજ રસપૂર્વક ભાગ લેતો નથી.

૨. શિક્ષણ આપવાની પદ્ધતિઓ : જીએસઈબી તથા સીબીએસસી. માતૃભાષામાં શિક્ષણ તથા અંગ્રેજી મીડિયમમાં શિક્ષણ, પુરતી માહિતીના અભાવે સમાજમાં શિક્ષણની ગુણવત્તાની બાબતમાં અનેક તર્ક વિતર્કો થતાં જોવા મળે છે. કયું અને કયા માધ્યમમાં શિક્ષણ સારું તેની સાચી અને વાસ્તવિક માહિતીના અભાવને કારણે શિક્ષણની ગુણવત્તામાં સુધારો થતો જોવા મળતો નથી. સરકારની શિક્ષણ આપવાની પદ્ધતિઓ વાસ્તવમાં પોકળ સાબિત થતી જાય છે. જેના કારણે બાળકને રસ હોય તેવા ક્ષેત્રમાં પ્રવેશ ન મળે એટલે જ્યાં પ્રવેશ મળે તે ક્ષેત્રમાં અભ્યાસ કરી આગળ આવવાનો

પ્રયત્ન કરે છે. જેથી શિક્ષણની ગુણવત્તામાં ઘટાડો થાય છે. આજ બાળકો સમાજને તેમનું ઉદાહરણ બીજા બાળકોને આપી શિક્ષણ પર માઠી અસર પહોંચાડે છે. ટૂંકમાં મનગમતા ક્ષેત્રોમાં પૂરતી તકોની વ્યવસ્થાપન પદ્ધતિઓ અથવા તો જરૂરી માહિતીના અભાવે ગુણવત્તામાં સુધારા કરવામાં વિઘ્નો આવે છે.

૩. શિક્ષણના દરેક ક્ષેત્રોમાં પુરતા સ્ટાફના અભાવે તથા યોગ્ય લાયકાત વગરના સ્ટાફને કારણે શિક્ષણની ગુણવત્તા ઘટે છે. સરકારી નોકરીઓમાં નોકરીને રક્ષણની સુવિધા એ શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર ઘટાડો કરે છે. મારા મત પ્રમાણે અઘરા પડતા વિષયોના શિક્ષકો કે પ્રોફેસરોનો અપૂરતો સ્ટાફ તથા આ અઘરા વિષયો અન્ય લાયકાતવાળા શિક્ષકોને ફાળવવાથી ગુણવત્તામાં ઘડાટો થાય છે. આ ઉપરાંત સરકારી નીતિ નિયમો ને આધારે ભરતી પ્રક્રિયામાં સતત થતા ફેરફારો, શિક્ષકો કે પ્રોફેસરોને શિક્ષણ ઉપરાંત તેમની પાસે કરાવવામાં આવતા સરકારી કામકાજો પણ શિક્ષણની ગુણવત્તામાં સતત ઘટાડો કરે છે. તેવુ મારું સ્પષ્ટ માનવું છે.

૪. શાળા કૉલેજોમાં શિક્ષણની સાથે સાથે કરાવવામાં આવતી સહશૈક્ષણિક પ્રવૃત્તિઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધતું ગયું છે. જેના કારણે અભ્યાસની ગુણવત્તામાં ઘટાડો થયેલ છે. બાળકો કે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓ વાસ્તવમાં ઉપયોગી નીવડતી નથી. કારણ કે અભ્યાસલક્ષી સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ શાળા કૉલેજોમાં કરાવવામાં આવતી નથી: અને જે પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે તે અભ્યાસલક્ષી તથા ઉપયોગી હોતી નથી. માત્ર આનંદ, મોજ મસ્તી અને ઉત્સાહ પ્રેરીત પ્રવૃત્તિઓ કરાવવાથી શિક્ષણની ગુણવત્તા સુધારી શકાતી નથી.

૫. શાળાઓ અને મહાશાળાઓમાં અપાતા શિક્ષણની ગુણવત્તા જાળવી શકતી ન હોવાના કારણે કલાસીસ કે ટ્યુશન પ્રથાનો જન્મ થયો. જેના કારણે પરીક્ષાલક્ષી શિક્ષણ આપવાનું શરૂ થયું આ પરિણામે શિક્ષણની ગુણવત્તા ઘટી. તથા પરિણામો ઉંચા આવવા માંડ્યા. ટૂંકમાં શિક્ષણનું વ્યાપારીકરણ એ શિક્ષણની ગુણવત્તા ઘટાડવા માટે અસરકારક પગલું બની રહ્યું.

૬. શિક્ષણના વ્યાપારીકરણની સાથે સાથે સરકાર તરફથી શિક્ષણની ગુણવત્તા માટે સમયાંતરે યોગ્ય તથા ઝડપી પગલા ન લેવામાં આવતા શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

૭. વિવિધ પ્રકારની ટીવી ચેનલો, મોબાઈલ ફોન અને ઈન્ટરનેટે સેવાઓનો નાની વયથી વધુમાત્રામાં ઉપયોગ કરવાથી શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે.

૮. સમાજમાં સુખ સગવડો, આનંદ પ્રમોદના સાધનોનો ઉપયોગ તથા ખાણીપીણીમાં અનિયંત્રિત વધારાના કારણે માનસિક, શારીરિક અને આર્થિક મુશ્કેલીઓમાં વધારો થવાથી શિક્ષણની ગુણવત્તા ઘટી છે. એવું મારું સ્પષ્ટ માનવું છે.

૯. આપણા અભ્યાસક્રમોમાં વ્યવસાયલક્ષી શિક્ષણને મહત્ત્વ ઓછું આપવામાં આવે છે અથવા આવા શિક્ષણ પ્રત્યે પુરતી જાણકારીના અભાવે શિક્ષણની ગુણવત્તા ઘટી છે. તથા નોકરી કે વ્યવસાયની તકો ઓછી થઈ છે.

૧૦. શાળાઓમાં અને કૉલેજોમાં કેળવણીના અભાવે માત્ર પરીક્ષાલક્ષી શિક્ષણ જ આપવામાં આવે છે અને તે શિક્ષણને જ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. જેથી આજની કેળવણી જીવન જીવવાની કેળવણી આપતા નથી. જેના કારણે શિક્ષિત વર્ગ હોવા છતાં નોકરીની તકો મળતી નથી.

૧૧. સરકારશ્રી તરફથી નક્કી થયેલ પરીક્ષા લેવાની પદ્ધતિઓ વિદ્યાર્થીઓનું સાચું મૂલ્યાંકન કરી શકતી નથી. જેથી તેની સીધી કે આડકતરી આડઅસરો સમાજમાં ઊભી થાય છે.

ઉપરોક્ત બાબતોનો આપણે સૌએ ગંભીરતાપૂર્વક વિચાર કરવો જ રહ્યો. સમાજમાં શિક્ષણની જાગૃતતા લાવવ માટે સમાજના પ્રત્યેક વ્યક્તિએ ખૂબ જ ઝડપી તથા આજીવન પગલાં લેવા જરૂરી છે. સરકારે વિવિધ યોજનાઓ મૂકી પૂરતી નોકરીઓ માટેની તકો ઊભી કરવી જોઈએ. દરેક વ્યક્તિના માનસિક, શારીરિક તથા આર્થિક વિકાસની પૂરી તકો મળે તેવી વ્યવસ્થાઓ પૂરી પાડવી જોઈએ. શિક્ષણ પદ્ધતિઓમાં આર્થિક અને સામાજિક દૃષ્ટિકોણથી જરૂરી ફેરફાર કરવા જોઈએ તથા સમાજમાં જાગૃતતા લાવવા માટે શિક્ષણની વિશ્વસનિયતા વધે તેવા પ્રયાસો કરવા જોઈએ. આ ઉપરાંત કેટલાક બિન ઉપયોગી અભ્યાસક્રમો અને સંસ્થાઓની જગ્યાએ નવા અભ્યાસક્રમો અમલમાં મુકવા જોઈએ.

# Educational Thoughts of Dr. B.R. Ambedkar

Asso. Prof. Dr. S.L. Solanki

**Introduction :**

Dr. B.R. Ambedkar was a social reformist and a great thinker. The writing of Dr. B.R. Ambedkar abounds in educational thoughts. He wrote numerous letters to his collegues and to the dignitaries. He has delivered a number of speeches on several occasions. He has written a great many articles, reports and books. The writer has tried to present Dr. B.R. Ambedkar's educational thoughts from his letters over here.

**Educational Thoughts of Dr. B.R. Ambedkar revealed through his letters**

He wrote a letter on 4th August, 1913 to one of the friends of his father whose name was Shivanak Gonak Jamadar.

He has quoted lines taken from Shakespearean tragedy, Julius Ceasar, to seize every opportunity.

"There is a tide in the affairs of men;
which if taken at the flood leads on to fortune;
omitted all the voyage of their life is,
bound in shallows & miseries".[1]

Amdedkarji suggests through these lines that if a man did not seize the opportunity that arises in his life, there would never be progress and the man will remain in destitution. The man should seize any opportunity whether educational or anything else, or he / she will lead life of degradation.

He further admits that we must now entirely give up the idea that parents give "Janma" to the child and not "karma". Parents can mould the destiny of their children and if we follow this principle, be sure that we shall soon see better days and our progress will be greatly accelerated if male education is persued side by side with female education. The fruit of which you can very well see verified in your own daughter"[2] (daughter : Ganga Srivanak Jamadar)

These lines explain that giving Karma is superior to giving birth to progenises. Giving Karma means imbibing good conducts that is possible through education.

"Let your mission therefore be to educate and preach the idea of education to those at least who are near to and in close contact with you"[3]

Ambedkarji has requested Shivanak Jamadar to propagate the value of education among his brethren.

To him, education was the means or measure that was sure to lead the man to progress.

The implication of this letter is that one should seize the opportunity that arises for man, male and female education can uplift society and propagation of education among masses is very necessary.

B.R. Ambedkar wanted his colleagues to learn English as it is a link language and window to the world. Its importance cannot be ignored so he wrote a letter to Amrit Rao Rankhambe (Teli : Amergorn, 240), 42 clifton Gardens Maida vale, London w.g. 11-12-1930.

"I feel it is necessary to write to you that you should study English hard. I'm afraid that ignorance to English will be blockade in our social life. This fact is being ignored by you and hence I am suggesting you in this regard"[4]

Dr. Ambedkar held the view that education plays vital role in social work. So he wrote to Bhaurao Gaikwad from London on 07-06-1933.

"It is useless to desire for the leadership unless and until one is cautious about his ability and significance of educational movement.[5]

He says that absured and impertinent things should not be carried out in the name of education.

"I want the depressed classes to concentrate their energy and resources on policies and education. I hope that they will realize the importance of both", so education seems to have been emphasized.

"I am worried about the appointment of the principal, we need a suitable principal. We do not need such a principal, who takes care for his job. Who is not earnest and who does not work for the welfare of the institution.[6]

"Students should pursue their studies very sincerely. You have done a good thing, that you came to see me before leaving Delhi. I do not want victory at the cost of my students. You should return the ticket and do not come to Bombay for canvassing. You are conducting research for Ph.D. in Agriculture. which is very important subject. I wish you should concentrate on your research. For your information, I tell you that, we have made good provisions in constitution for encouraging agricultural developments."

"Education is something, which ought to be brought within the reach of everyone. The policy of the department therefore, ought to be to make higher education as cheap to the lower classes as it can possible be made."

My life is threatened if I came here to wake you up to the causes of your misery and shame. Man is mortal. Everyone is to die some day or other. But one must resolve to lay down one's life in enriching the noble ideas of self-respect and in bettering human life. We are not slaves. We are a warrior clan. Nothing is more disgraceful for a brave man than to live a life devoid of self-respect and without love for the country.

**Conclusion :**

Such thoughts taken from Dr. B.R. Ambedkar's letters are nowadays much relevant, important, fulfilling, appropriate and compel us to believe which have been depicted by him years ago.

## પ્રાર્થના સમીક્ષા

શ્રી વી. એમ. ભટ્ટ
પૂર્વ આચાર્ય, એ.જી. ટીચર્સ કોલેજ

તેજપંથના યાત્રી
અમે તેજપંથના યાત્રી,
પ્રભાતની કોમલ અંગુલીએ
ઉરતંત્રી ઝંકારી,
નવલ રાગ ને નવલ રાહ ને
ઉજ્જવલતાના પ્રાર્થી... તેજપંથના.
સૂર્ય ચંદ્ર ને ગગનરશ્મિની
તેજલ ધારા ઝીલી,
ધરતીના ધૂલીના કણકણ
ઘૂમનારા ચિરયાત્રી... તેજપંથના.

—જગદીશ દવે

કોલેજની સ્થાપનાના પ્રારંભિક વર્ષોમાં કોલેજના પ્રાધ્યાપક ડૉ. જગદીશ દવેએ કંડારેલું આ ગીત જેટલું ગેય છે, એટલું જ કવિતાની અભિવ્યક્તિમાં અર્થસભર અને પ્રતીકાત્મક પણ છે. નવયુવાનોને કોઈપણ ક્ષેત્રે પદાર્પણ કરવામાં પ્રેરણા આપતું અને સન્નિષ્ઠ પ્રામાણિક જીવનની આકાંક્ષાઓ જગાવે એવી સહજતા તો તેમાં છે જ પણ પ્રતીકાત્મક રીતે જોઈએ તો શિક્ષણ ક્ષેત્રે પ્રવેશનારા નવશિક્ષકને તો એ રૂંવે રૂંવે થનગનાટ લાવી દે એટલી ક્ષમતા એમાં છે.

શિક્ષણ અને અધ્યાત્મ નિકટવર્તી સહસંબંધ ધરાવે છે. ગીતના પ્રારંભે આવતી ધ્રુવકડી 'તેજપંથના યાત્રી'ના બંને શબ્દોમાં અધ્યાત્મ પડઘાય છે, શિક્ષણનો પંથ એટલો જ આધ્યાત્મિક છે. Lead Kindlylight કે 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા' ને 'તેજપંથ' પ્રતિબિંબિત કરે છે. તો 'યાત્રી' એક જુદી ચેતના પડઘાવે છે. યાત્રીઓ પ્રવાસી નથી, એને વળગણ નથી, એ લક્ષ્ય સાથે જતો નિર્મોહી છતાં સામર્થ્યવાન છે. આમ ધ્રુવકડી જ શિક્ષણમિત્રોને લક્ષ્ય, પ્રયાણ અને દુન્વયી આળપંપાળોથી અળગા એવા અલગારી અને ચેતનવંતા સાધુજીવનો નિર્દેશ કરે છે.

ગીતનો ઉઘાડ કમળની પાંદડીઓની જેમ ક્રમશઃ ખૂલતો જાય છે. પ્રભાતના મંદમંદ સમીરથી હૈયું પ્રસન્નતાથી તરબતર થઈ જાય એમ આ યાત્રીઓને તેજપંથે આવકારતાં યુવાની ઝંકૃત કરે છે. (પ્રભાતનું પ્રતીક અહીં યુવાની છે.) નવું નવું જાણવાની, માણવાની, સમજવાની ચેષ્ટાઓથી ઝંકૃત થયેલું મન આનંદની હેલી લાવે છે, રાગ પણ અવનવા છે. ઘરેડવાળા કે પરંપરિત નથી. વિભિન્ન પ્રવૃત્તિઓ યુવાન શિક્ષકોમાં રસસંચાર કરે છે. પ્રકાશની ઉજ્જવલતા તરફ પ્રયાણ કરવાની એમની પ્રાર્થના છે અને યાત્રીઓ તો પ્રાર્થના અને સ્તોત્રોથી સદાય ઝળહળતા રહે છે. પ્રભાતની કોમલ અંગુલિના સ્પર્શથી આતુર થયેલા યાત્રીએ અનાયાસ જ સૂર્ય, ચંદ્ર અને ગગનમાં રશ્મિઓની સતત વરસતી ધારા અમીનું પાન કરાવે છે. સૂર્યનું તેજ, પ્રખરતા, સતત ગતિશીલતા અને ચંદ્રની શીતલ ધારા અમીઝરતી ચાંદની અને વિશાળ ગગન એ બધાં વ્યક્તિનાં સ્વાભાવિક ગુણો, એષણાઓ, તત્પરતા અને પરિતોષની ઝાંખી કરાવે છે. વિશાળ દૃષ્ટિ અને ભાવનાઓનું પ્રતીક બનીને વ્યાપક સમભાવનો પડઘો પાડે છે.

છેલ્લી કડીઓમાં કવિએ સમગ્ર ધરતીને લઈ લીધી છે. એ ધૂલિભર્યો - ધૂળિયો મારગ છે. એ જે પંથે જવા તૈયાર થાય છે ત્યાં લાલ જાજમ બિછાવેલી નથી પણ સંસારના ઝગમગાટથી દૂર કણેકણમાં તીરથ છે. એ કણેકણમાં ખૂંદી વળીને જ્યાં જે જ્યોત હજી સુધી પ્રગટી નથી, ત્યાં ત્યાં ફરી વળીને એ 'ચિરયાત્રી' - હંમેશના યાત્રી - સમર્પિત યાત્રી બનવાની ઝંખના સેવી જ્યોત પ્રગટાવવાની કામના સેવે છે.

આમ સમગ્ર કવિતા - ગીત લક્ષ્યગામી છે. પ્રેરક છે. સ્વરબદ્ધ હોવાને કારણે સમૂહને આનંદિત કરે છે અને દુન્યવી જંજાળો અને લોભામણી ઈચ્છાઓ મુક્ત કરી સચ્ચાઈની પરખ કરાવે છે. નવા શિક્ષકો માટે એ પ્રેરણાનો સ્રોત છે.

---

## પ્રોશિત ભર્તૃકા

*- દરજી અભિષેક બી.*
*ભૂતપૂર્વ વિદ્યાર્થી, હાલઃ શિક્ષક મોડેલ સ્કૂલ, દિયોદર, જિ. બ.કાં.*

સૂનો આ રસ્તો ને સૂની આ શેરી
મારા આંગણાંમાં એકલતા કોણ ગયું વેરી !

દૂર દૂર દૂર ગયો મારો વનમાળી
હું તો પાન વિનાના મીઠા લીંબડાની ડાળી
અજવાળી રાતે મને અંધારે ઘેરી
મારા આંગણામાં એકલતા...

ખાટલે પડેલો પેલો ખાલીપો એવો ખટકે
પાંપણના પાણિયારે ઊંઘ આવી અટકે
રોજ રાતે ડંખે મને કાળોતરો ઝેરી
મારા આંગણામાં...

---

## માતૃભાષા પર્વ - ૨૧ મી ફેબ્રુઆરી - ૧૭

- આયોજનકર્તા : પાડલિયા મૌલિક
- સંચાલનકર્તા : પાલ રેખા
- ભાષા અને તેનું મહત્ત્વ : પાડલિયા મૌલિક
- કવિતાઓ અને ગઝલોનું રસપાન : પંડ્યા નિશીત
- ભાષાની સમસ્યાઓ અને નિવારણ : પરમાર આનંદ

માતૃભાષા પ્રેમી અને ચિંતકોને હર્ષભેર વંદન. ભગવાનની પાસેથી અમૂલ્ય જીવનની ભેટ લઈને આપણે આ ધરા પર અવતર્યા છીએ. પશુઓ અને આપણી વચ્ચે જો કોઈ અંતર છે તો એ છે 'ભાષા'.

ભાષા છે તો લાગણી છે, ભાષા છે તો અભિવ્યક્તિ છે, ભાષા છે તો જ આપણે માનવ છીએ. ભાષા જ આપણી ઊર્મિઓ, વિચારો અને ભાવનાઓને ધબકતી રાખે છે.

માતૃભાષા એ જીવનનું અમૃત છે, જીવનનો ધબકાર છે, ગ્રહણશક્તિનું પ્રવેશદ્વાર છે, સમજણ માટેનું સાધનાકેન્દ્ર છે, સંવેદનાઓને પ્રગટ કરતું ભાવવિશ્વ છે, શરીરમાં ઊછળતી ઊર્મિઓનું સંગીત છે, સ્વાભિમાન અને આત્મગૌરવ માટેની પૂર્વશરત છે.

**માતૃભાષાનું મહત્ત્વ :**

મધુરી માતૃભાષા જ સૌ ભાષામાં મહાન છે. જનેતા, જન્મભૂમિ અને માતૃભાષા ત્રણેય માટે એક સરખો પ્રેમ હોવો જોઈએ. જેમ આપણે આપણને જન્મ આપનાર માતા પ્રત્યે જેટલો વહાલ કરીએ છીએ તેટલો જ વહાલ જન્મભૂમિ અને માતૃભાષાને કરવો જોઈએ.

"માતૃભાષા એટલે 'માતાની ભાષા' જેમાં માતા જે ભાષા બોલીને બાળકના કાનમાં જન્મતાંવેંત અમૃતપાન કરાવે છે તે ભાષા."

"માતૃભાષા એટલે જન્મથી મૃત્યુપર્યંત માણસ સાથે અસ્તિત્વ ધરાવતી અને અસ્તિત્વની ઓળખ આપતી ભાષા."

માતૃભાષાનું મહત્ત્વ તો જુઓ, માનવી ગમે તેટલી ભાષાઓમાં નિપુણતા મેળવે પણ સ્વપ્ન તો એને માતૃભાષામાં જ આવવાનાં અને ભયરૂપી ચિત્કાર પણ માતૃભાષા થકી જ વ્યક્ત થવાની, આથી જ ભારતનાં બંધારણમાં કહ્યું છે કે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મેળવવું એ બાળકનો મૂળભૂત અધિકાર છે. માતૃભાષા એ વ્યક્તિની આગવી અને નિજી સંપદા છે, તે મૌલિક અને તર્કબદ્ધ વિચારણા પોતાની માતૃભાષામાં જ કરી શકે છે. માતૃભાષા દ્વારા જ તે કલ્પનાનો કનકવો ચગાવી શકે છે.

ગુજરાતી ભાષા એ સંસ્કૃત અને પ્રાકૃત ભાષા પરથી જ ઊતરી આવી છે. રાજસ્થાનની ભાષાને મળતી આવે છે. ગુજરાતી ભાષાને વધુ અર્થસભર બનાવવા માટે હેમચંદ્રાચાર્ય, નરસિંહ મહેતા, નર્મદ, કલાપી, ઉમાશંકર જોષી, ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, કનૈયાલાલ મુનશી, સુરેશ જોશી, કાકા કાલેલકર, દયારામ, દલપતરામ, ગુણવંત શાહ, નાન્હાલાલ, રઘુવીર ચૌધરી, ભાલણ, અખો, ધીરા ભગત, ગિજુભાઈ બધેકા વગેરેનો વિશેષ ફાળો છે.

મહાત્મા ગાંધી કહે છે કે 'અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતાં આપણને શરમ લાગે છે તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઈએ.'

પ્રથમ ભાષા ગુજરાતી તરીકેની ઓળખ ધરાવતા મહાનુભાવોમાં 'રાષ્ટ્રપિતા' મહાત્મા ગાંધી, લોખંડીપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ, સ્વામી દયાનંદ સરસ્વતી, મોરારજી દેસાઈ, નરસિંહ મહેતા, ધીરુભાઈ અંબાણી, જે.આર.ડી. ટાટા અને 'પાકિસ્તાનના રાષ્ટ્રપિતા' મહંમદ અલી ઝીણાનો પણ સમાવેશ થાય છે.

ડૉ. અબ્દુલ કલામ કહે છે કે 'હું આજે વૈજ્ઞાનિક બની શક્યો છું કારણ કે હું મારી માતૃભાષામાં ભણ્યો છું.' આપણી માતૃભાષાની મીઠાશ અત્યંત હોવાને કારણે જ આપણે ખારા નમકને પણ 'મીઠું' કહી ઉચ્ચારીએ છીએ.

તેથી જ તો, 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.'

---

## કવિતાઓ અને ગઝલોનું રસપાન

### ગાંધીગિરા

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી,
મળી માતૃભાષા અને ગુજરાતી.

રમે અન્ય સખીઓ થકી દેઈ તાળી,
સુધા કર્ણ સીંચે ગુણાળી રસાળી.
કરે બોલતા જે, ભર્યા ભાવ છાતી,
રમો માતૃભાષા મુખે ગુજરાતી.
મળી હેમઆશિષ, નરસિંહ - મીરાં,
થયા પ્રેમભટ ને અખો ભક્ત ધીરા.
પૂજી નર્મદે કાન્ત ગોવર્ધને જે,
સજી ન્હાનલે કલ્પના ભવ્ય તેજે.
ધ્રુવા સત્ય-સાથી અહિંસા-સુજાતી,
નમો ધન્ય ગાંધીગિરા ગુજરાતી.

***કવિ - શ્રી ઉમાશંકર જોશી***

### હવે ચાલુ છું

બધા જ રસ્તા હટાવીને હવે ચાલુ છું;
દિશાઓ દિલથી ભુલાવીને હવે ચાલુ છું.

જનમથી રણમાં રહ્યો પ્યાસ ઝાંઝવા વચ્ચે,
હૃદયથી રણને સજાવીને હવે ચાલુ છે.

થાવ કલ્યાણ લૂંટનારનું, થયો ખાલી,
હાશ ! સર્વસ્વ ગુમાવીને હવે ચાલુ છું.

નજરમાં કોઈ હવે સ્વપ્ન કે સ્મરણ ક્યાં છે,
'કાલ'ના ભેદ મિટાવીને હવે ચાલુ છું.

આ રઝળવાની મઝા એની રાહમાં મિસ્કીન,
આભ ગૌરવથી ઉઠાવીને હવે ચાલુ છું.

***કવિ – શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન'***

## બોલવાનું હોય ત્યાં બોલો નહીં

બોલવાનું હોય ત્યાં બોલે નહિ ને નહિ બોલવાનું બોલે,
એવા માણસ હોય સદાયે તણખલાંની તોલે.

અવાજની આંખો ઊંચકો ને કહેવાનું હોય તે કહી દિયો,
ભેદી મૌનના આડંબરને ઊના ઊના ડામ દિયો.

કદી આપણે બેસવાનું નહીં ખુશામતને ખોળે,
બોલવાનું હોય ત્યાં બોલે નહિ ને નહિ બોલવાનું બોલે.

કોઈની નિંદા સાંભળવી ને ચૂપ રહેવું એ પાપ છે,
સાચું બોલી કબૂલ કરે એના સઘળા ગુના માફ છે.

પવન લહરમાં વૃક્ષની ઈજ્જત મસ્ત થઈને ડોલે,
અનાદિકાળથી પ્રકૃતિમાં કોઈ નહિ ખોટું બોલે.

બોલવાનું હોય ત્યાં બોલે નહિ ને નહિ બોલવાનું બોલે,
એવા માણસ હોય સદાયે તણખલાંની તોલે.

*કવિ – શ્રી નરેન્દ્ર દામોદરદાસ મોદી*
*(વડા પ્રધાનશ્રી, ભારત)*
*નિશિતકુમાર જે. પંડ્યા (રોલ નં.૭૮)*

## કોઈ નહીં આવે

દુઃખી થવાને માટે કોઈ ધરતી પર નહીં આવે,
હવે સદીઓ જશે ને કોઈ પયગમ્બર નહીં આવે.

છે મસ્તીખોર, કિંતુ દિલનો છે પથ્થર નહીં આવે,
સરિતાને કદી ઘરઆંગણે સાગર નહીં આવે.

ચમનને આંખમાં લઈને નીકળશો જો ચમનમાંથી નહીં આવે,
નજરમાં જંગલો, પાધર નહીં આવે.

અનુભવ પરથી દુનિયાના, તું જો મળશે કયામતમાં,
તેને જોઈ ધ્રુજારી આવશે, આદર નહીં આવે.

દુઃખો આવ્યાં છે હમણાં તો ફક્ત બે ચાર સંખ્યામાં,
ભલા શી ખાતરી કે એ પછી લશ્કર નહીં આવે.

હવે તો દોસ્તો ભેગા મળીને વહેંચીને પી નાખો,
જગતનાં ઝેર પીવાને હવે શંકર નહીં આવે.

આ બળવાખોર ગઝલો છોડ લખવાનું 'જલન',
નહીંતર લખીને રાખજે, અંજામ તું જ સુંદર નહીં આવે.

કરીને માફ સ્નેહીઓ ઉઠાવો એક બાબત પર,
'જલન'ની લાશ ઊંચકવા અહીં ઈશ્વર નહીં આવે.

**કવિ - શ્રી 'જલન' માતરી**

## માતૃભાષાની સમસ્યા અને નિવારણ

માતૃભાષાના ઘટતાં મહત્ત્વના સંદર્ભમાં ગુણવંત શાહે કહ્યું છે, 'જેમને માતૃભાષામાં શિક્ષણ પામવાનો અધિકાર નથી તે બાળકને હું કમનસીબ માનું છું.' અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતાં બાળકો વિશે ગુણવંત શાહ કહે છે કે, 'આવા વિદ્યાર્થીઓને માતાનું ધાવણ પણ મળતું નથી કે માસીનો પ્રેમ પણ મળતો નથી. જેઓ કલાપી, ઉમાશંકર, મેઘાણીથી અલિપ્ત રહીને શેક્સપિયર અને રોબર્ટ હાર્સને પણ પામી શકતાં નથી.'

**સમસ્યાઓ :**

- શાળા કક્ષાએ સંચાલકો, આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ અન્ય વિષયોની અપેક્ષાએ માતૃભાષાના શિક્ષણને ખૂબ જ ઓછું પ્રાધાન્ય આપે છે.
- શિષ્ટભાષાના ઉપયોગના પ્રશ્ન અંગે ખૂબ જ ઓછા શિક્ષકો સજ્જ જોવા મળે છે.
- માતૃભાષાના શિક્ષણની કચાસને કારણે જ વિદ્યાર્થી અન્ય વિષયોમાં પણ નબળો પડે છે.
- માતૃભાષાની ભૂલોને અવગણતા આજના વિદ્યાર્થી પોતાની ભાષામાં પત્રવ્યવહાર કે રજાચિઠ્ઠીની અરજી પણ કરી શકતાં નથી.

**નિવારવાના ઉપાયો :**

- વહીવટી કક્ષાએ માતૃભાષાનું ગૌરવ વધે તે માટે અને વિશિષ્ટ સ્થાન મળે તે માટે પ્રયત્નો કરવા જોઈએ.

– પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ અપાવું જોઈએ. મહાવિદ્યાલયોમાં પણ મુખ્ય અને ગૌણ વિષય તરીકે ગુજરાતી ભાષાને સ્થાન અપાવું જોઈએ.
– શાળા કક્ષાએ જોડણી દિવસ, માતૃભાષા દિવસ, લેખક અને કવિના જન્મ દિવસની ઉજવણીને પ્રાધાન્ય અપાવું જોઈએ.
– વ્યાકરણનું રસમય શિક્ષણ પૂરું પાડવું જોઈએ.
– વિવિધ કક્ષાએ સાહિત્ય પર્વોની ઉજવણી કરવી જોઈએ.

માતૃભાષાના આ ઉપાયો થકી જ આપણે આપણી માતૃભાષાનું સંવર્ધન અને જતન કરવામાં સફળ થઈ શકીશું.

***સંકલન : નિશીતકુમાર જે. પંડ્યા, રોલ નં. ૭૮***

## નારીશક્તિ

મા દુર્ગા ભી તું, મા સરસ્વતી ભી તું,
ઝાંસી કી રાની ઔર જીજાબાઈ ભી તું.
તુજકો ક્યાં પહેચાન દુ મેં નારી,
શક્તિ કા દૂસરા નામ તું નારી,

ઘુંઘવતા સમંદરમાં તું,
ટીમટીમતા તારલામાં તું
ખીલતા હર ફૂલમાં તું,
રીમઝીમ વરસતા વરસાદમાં તું,
શિયાળાની વહેતી ઠંડી હવામાં તું,
ઉનાળાની તપતી ગરમીમાં તું,
ચાંદનીની શીતળતામાં તું,
ઓ નારી તારા શું-શું સરનામાં કહું ???
પૂરજોશથી જે તે મંદમંદ લહેરમાં પણ તું,
હર એક હૃદયમાં તું,
ઘરની હર એક ધડકનમાં તું,
જો મા બની તો મમતામાં તું,
બહેન બની તો હર એકતારમાં તું,
બની જો પ્રેમિકા તો ચાહતમાં તું,
આવી પત્નીરૂપે તો સુખ-દુઃખના સહારામાં તું,
ઘરની અન્નપૂર્ણા તું,
મુસીબતમાં બને તે મા દુર્ગા પણ તું
ઓ નારી જગત જનની તને શું હું વધારે કહું,
હર એક જીવને જન્મ આપનાર પણ તું,

***પૂજા શાહ, રોલ નં. ૮૩***

## VASCSC - [Vikram Sarabhai Community Science Centre]ની મુલાકાત

વિક્રમ સારાભાઈ કમ્યુનિટી વિજ્ઞાન કેન્દ્ર વિશ્વભરમાં સીએસસી (CSC) તરીકે પ્રખ્યાત છે. ૧૯૬૦માં વિખ્યાત વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈએ આ વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરી હતી.

હેતુ : વિદ્યાર્થીઓ, તાલીમાર્થીઓ, શિક્ષકો અને લોકોમાં વિજ્ઞાન અને ગણિત શિક્ષણ મેળવવાની તાલાવેલી જાગે અને તેઓમાં વિજ્ઞાન અને ગણિતનું શિક્ષણ વધારે લોકપ્રિય બને.

૨૮ ફેબ્રુઆરીથી ૨ માર્ચ નવપ્રયોગમેળો (Innovation fair) યોજાયો હતો. જેમાં અલગ અલગ શાળા તથા કોલેજો તથા વિવિધ તાલીમાર્થી કૉલેજના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં તેમણે વિવિધ પ્રકારના મૉડેલ, TLM તથા વેસ્ટમાંથી બેસ્ટ એવા ઘણાં નમૂનાનું પ્રદર્શન યોજાયું હતું. આ ઉપરાંત તેમાં ટેક્નોલૉજી એક્ઝિબિશન, ઈન્ટરેક્ટીવ સાયન્સ વર્કશોપ અને ડ્રોનનો વર્કશોપ હતો. સાયન્સ તથા મેથ્સમાં ડેમોસ્ટ્રેશન, ડિસપ્લે અને પર્ફોન્સ, ઈન્ટરેક્ટીવ સાયન્સ કોર્નર, સાયન્સ ટોક, મૉડેલ રોકેટરી અને ૩D પ્રિન્ટિંગ હતા.

વિજ્ઞાન અને ગણિતને લગતી ઘણી રમતો તથા બુદ્ધિકસોટીઓનું આયોજન પણ કરાયું હતું. આ રમતમાં જે જીતે તેને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યું હતું.

આ નવપ્રયોગ મેળામાં અમારી એ.જી. ટીચર્સ કોલેજમાંથી ૬ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં બે-બે તાલીમાર્થીના ત્રણ ગ્રુપ હતાં. જેમાં એક પાચનતંત્ર માટેનું વર્કિંગ મૉડેલ રજૂ કરવામાં આવ્યું હતું. વેસ્ટમાંથી બેસ્ટ એવું સ્ટ્રોમાંથી DNA મૉડેલ રજૂ કર્યું હતું. તથા વિદ્યુત પરિચય અવરોધ અને તેની સંજ્ઞા માટેનું મૉડેલ પણ હતું. આ TLMનું પ્રદર્શન ૧ માર્ચના રોજ વિક્રમ સારાભાઈ સાયન્સ સેન્ટર ખાતે બપોરે ૨-૦૦ વાગ્યે યોજાયું હતું. આ ઉપરાંત આ દિવસે બીજા અનેક પ્રોજેક્ટ, TLMનું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં વારાફરતી TLM નિદર્શકની સામે રજૂ કરવામાં આવ્યાં તથા નિર્દશકે તે માટે કેટલીક પ્રશ્નોત્તરી કરી જેના ઉત્તર આપવાના રહેતા હતા. આ TLMની સાથે TLMની માહિતી અને વિશેષતા દર્શાવતા ચાર્ટ્સ પણ અમે રજૂ કર્યા હતાં. આ TLMનાં નંબર આપવામાં આવ્યાં હતા તથા બધાને પ્રોત્સાહન રૂપે ૨ માર્ચના રોજ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ નવવિજ્ઞાનમેળામાં અમને ઘણું નવું નવું જાણવા મળ્યું. વિજ્ઞાન અને ગણિતને લગતી ઘણી માહિતી મળી અને ક્યો મુદ્દો કેટલી સરળતાથી બાળકને શીખવી શકીએ તે પણ શીખવાનો અનુભવ થયો. એકંદરે અનુભવ ખૂબ જ સારો રહ્યો.

ગ્રુપ-૧ : પૂજા શાહ (૮૩), પ્રિયા શાહ (૮૪), બી.એડ્. સેમ-૨ (૨૦૧૬-૧૮)

ગ્રુપ-૨ : પંચોલી પિયુષા, મેવાણિયા અનુરાધા ● ગ્રુપ-૩ : દવે ખુશ્બુ, સોલંકી ઝલક

## મારે પણ જીવવું હતુ

***સંકલન : શાહ પ્રિયા પી. ● રોલ નં. ૮૪, સેમ.૨***

તારીખ ૧૬-૧૨-૨૦૧૨નો એ ભયાનક દર્દનાક દિવસ કે જ્યારે દિલ્હીમાં એક શરમજનક ઘટના બની. આપણે સૌ તેનાથી વાકેફ છીએ જેને નિર્ભયા કે દામિની જેવા નામ આપવામાં આવ્યા હતા. તેને સતત ૧૩-૧૩ દિવસ તેના જીવન સાથે લડવું પડ્યું અને તે શૂરવીરની જેમ લડી પણ ખરી પણ, અફસોસ મોત સામે વધારે ઝઝૂમી ના શકી અને ૨૯-૧૨-૨૦૧૨ના વહેલી સવારે ૪:૪૫ વાગ્યે એણે આ દુનિયા છોડવી પડી.

આવા બનાવ તો અવારનવાર બનતા જ રહે છે. કેટલાક કિસ્સા બહાર આવે છે તો કેટલાક બહાર પણ નથી આવતા. આપણે ઘણી વાર સાંભળેલું છે અથવા વાંચેલું છે કે ‘રાહ પર ચલતી અકેલી લડકી મૌકા નહીં પર જિમ્મેદારી હૈ’ પણ આપણે આ વિચારીએ છીએ ક્યારેય ? કોઈ આનો અમલ કરે છે ખરો ? અરે આપણે તો આવા કિસ્સા જ્યાં સુધી અખબાર કે ટી.વી. પર આવે ત્યાં સુધી જ યાદ રાખીએ છીએ પરંતુ જે આ પરિસ્થિતિમાંથી પસાર થાય છે તેની વેદના, તેની પીડાની તો આપણે કલ્પના પણ નથી કરી શકતા.

મૃત્યુ સમયે તેની પીડા કેવી હશે તે પૂર્ણ રીતે નથી જાણી શકતા, છતાં થોડા શબ્દોમાં તેનું વર્ણન કરવા માંગુ છું.

એક બાર જરૂર સુનના, દામિની ઔર ઉસકી મા

મા મૈં અભિ જીના ચાહતી હું
તેરે સાથ વક્ત બિતાના ચાહતી હું
મિટ્ટીકા ખિલોના નહીં હૈ યે લડકિયા
યહી બાત મૈં સબકો સમજાના ચાહતી હું

અકસર કહેતે લોગ કિ હર કિસી પે
ભગવાન કા હાથ હોતા હૈ
ફિર ક્યો ભગવાન કે હાથ કે નીચે
લડકિયોકા યે અંજામ હોતા હૈ
જા રહી હું મૈં આજ તુમ સબકો છોડકર
ના આઉગી કભી કિસી કી બેટી બનકર.

મા કા એક સપના થા
બેટી કે લિયે રાજકુમાર આયેગા
ડોલી મે બિઠાકર ઉસે લે જાયેગા
ખડી હોકે સપને ટૂટતે દેખેંગી વો
જબ ભાઈ મુજે કંધે પર ઉઠાકર લે જાયેગા
મા અભી તેરે સાથ રહના ચાહતી હું
મા મૈં અભી ઔર જીના ચાહતી હું.

ખુશ હુઆ કરતે થે પાપા મુજે દેખકર
અબ રોએંગે મુજે યાદ કર કે અકસર
ઉનકા યુ પ્યાર સે ગલે લગાના

મેરે બાદ કૌન ઉન્હે ગલે લગાયેગા અકસર
પાપા મેં આપકો આખરી બાર ગલે લગાના ચાહતી હું
પાપા મેં અભી ઔર જીના ચાહતી હું.

મેરે ભાઈ જબ ભી રાત કો સોયેંગે
ચુપ ચુપકે મેરે લિયે રોયેંગે
ભાઈ એક બહન જા રહી હૈ
પર હજાર બહનો કા ખ્યાલ રખના
અબ સો રહી હું મે
અપના ઔર સબકા ખ્યાલ રખના.
મા બહુત દર્દ દેકર, બહુત દર્દ સહકર
તુજસે કુછ કહકર જા રહી હું મે.

આજ મેરી બિદાઈ મે જબ સખિયા મિલને આયેગી
સફેદ જોડે મે લિપટી દેખ મુજે સિસક સિસક મર જાયેગી
લડકી હોને કા વો ખુદ પે અફસોસ જતાયેગી
મા ઉનસે ઈતના કહ દેના
દરીંદો કી દુનિયા મેં સંભલ કે રહના.

મા, રાખી પે જબ ભૈયા કી કલાઈ સૂની રહ જાયેગી
યાદ મુજે કર કે જબ આંખ ઉન કી ભર આયેગી
તિલક માથે પે કરને કો મા રુહ મેરી ભી મચલ જાયેગી,

મા તું ભૈયા કો રોને ના દેના
મેં સાથ હું હર પલ ઉસે કહ દેના.

મા પાપા ભી ચુપ ચુપ કે બહુત રોએંગે
મેં કુછ ના કર પાયા યે કહ કે ખુદ કો કોસેંગે
મા તું પાપા કો રોને ના દેના
ઈલ્જામ કોઈ લેને ના દેના.

મા તેરે લિયે અબ કયા કહુ
દર્દ કો તેરે શબ્દો મેં કેસે બાંધુ
ફિરસે જીને કા મોકા કૈસે માંગુ.

મા લોગ તુજે ભી સતાયેંગે
મુજે આઝાદી દેને કા તુજે ઈલ્જામ લગાયેંગે
મા યે સબ સહ લેના મગર યે ન કહના કે
અગલે જનમ મોહે બિટીયા ન દેના.

## શહીદ વીર ભગતસિંહ

***સંકલન : નિશીતકુમાર જે. પંડ્યા***
***રોલ નં. ૭૮, સેમ. ૨, વર્ષ ૨૦૧૬-૧૭***

એક સુંદર સવાર.

પિતા કિશનસિંહની આંગળી પકડીને ખેતર તરફ જઈ રહ્યો છે એક બાળ. આંબાવાડિયામાં નવા છોડ રોપાઈ રહ્યા છે. સરદાર કિશનસિંહ પોતાના મિત્ર નંદકિશોર મહેતા સાથે વાતોમાં મશગૂલ છે. એમને ખ્યાલ પણ નથી કે એમનો નાનકડો પુત્ર તેમનાથી વિખૂટો પડી ગયો છે.

'અરે સરદારજી ! જુઓ તો ખરા. આપનો આ પુત્ર અત્યારથી ખેડૂત બનવાની તૈયાર કરી રહ્યો છે.' જમીનમાં લાકડાની સળીઓ ખોસતા એ બાળકને જોઈ નંદકિશોર મહેતાએ કહ્યું :

'અરે પુત્તર, શું કરે છે તું ?' કિશનસિંહે માટી સાથે મહોબત કરતા પોતાના પુત્રને પૂછ્યું :

'હું ? હું તો બન્દૂકો રોપું છું !' છોકરાએ કાલાઘેલા શબ્દોમાં જવાબ આપ્યો.

બાપને લાગ્યું : 'મોરના ઇંડાને ચીતરવાં નથી પડતાં' – એ વાત સાવ સાચી ! હજી તો 'બંદૂક' શબ્દ બોલતાંય નથી આવડતું... ને આ છોકરો 'બંદૂકો' રોપવાની વાતો કરે છે ? નક્કી... મારો આ પુત્ર અમારા વીર વંશનો રખેવાળ બનશે. નાનો નાનો તોય રાઈનો દાણોને ! પિતા ગદગદ્ થઈ ગયા.

એ બાળ એટલે બીજુ કોઈ નહીં આપણી ભારતમાતાના વીરપુત્ર એવા 'શહીદ વીર ભગતસિંહ.'

વીર ભગતસિંહનો જન્મ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૦૭ના દિવસે બંગા નામના ગામે લાયલપુર જિલ્લામાં થયો હતો. તેમના પિતા કિશનસિંહ અને માતા વિદ્યાવતી પણ અપાર દેશભક્ત હતાં. પિતા કિશનસિંહ નિર્ભય ક્રાંતિકારી અને તેમના બે કાકા અજીતસિંહ અને સ્વર્ણસિંહ પણ વીર સ્વાતંત્ર્ય સૈનિકો હતા.

અંગ્રેજોના ત્રાસને કારણે તેમના કાકા અજીતસિંહને ભારત છોડીને ભાગી જવું પડ્યું હતું તે વખતે બાળ ભગતસિંહે તેમની કાકી હરનામ કોરને કહ્યું કે, 'કાકી, આપ રડશો નહીં... અંગ્રેજોને ભગાડીને કાકાને હું ભારતમાં પાછા લઈ આવીશ.' ભગતસિંહના મનમાં ક્રાંતિનાં બીજ રોપાવાના એંધાણ શરૂ થઈ ગયાં હતાં, નહીં તો ચોથા ધોરણમાં ભણતો એ છોકરો બાળવયે સરદાર અજીતસિંહ, સૂફી અંબાપ્રસાદ અને લાલા હરદયાળે લખેલાં પચાસથી પણ વધારે પુસ્તકો શું કામ વાંચે ? ઘરમાં પડેલાં જૂનાં છાપામાંથી રાજકીય ઘટનાઓના સમાચાર ફરી ફરી કેમ વાંચે ? ભગતસિંહમાં વીરત્ત્વનો પાયો નંખાઈ ચૂક્યો હતો. તેમના બાળમિત્રોની ઘર, લગ્ન અને નોકરીની વાતો સાંભળી તેઓ બોલી ઊઠતાં, 'હું લગ્ન પણ નહીં કરું અને નોકરી પણ નહીં. બસ ! હું તો અંગ્રેજોને હાંકી કાઢવાના કામમાં લાગી જઈશ.'

૧૩મી એપ્રિલ, ૧૯૧૯ના જલિયાંવાલા બાગના હત્યાકાંડે આ કિશોરને હચમચાવી મૂક્યો. બાર વર્ષનો એ છોકરો તે દિવસે શાળા જવાને બદલે સીધો અમૃતસર પહોંચી ગયો. જલિયાવાલાં બાગની લોહીથી ખરડાયેલી પાવનકારી માટીની તેણે મુઠ્ઠી ભરી... કપાળે એનું તિલક કર્યું અને બાકીની માટી શીશીમાં ભરીને તે ભારે હૈયે ઘેર પહોંચ્યો... નાનકડી બહેને તેને ઉદાસ જોઈને ફળ ખાવા માટે આપ્યું... ત્યારે તેણે કહ્યું, 'આજે મારી ભૂખ તરસ મરી પરવારી છે, મારી બહેન ! આવ, અહીં તને એક ખાસ ચીજ બતાવું.' ભગતસિંહે જલિયાંવાલા બાગની લોહીભીની માટી દેખાડતાં કહ્યું, 'અમરકોર, અંગ્રેજોએ આપણા દેશના બેસુમાર માણસોની લાશો ઢાળી દીધી છે... એની કરુણ સ્મૃતિ છે આ માટી.'

લાવ થોડાંક ફૂલ, આ પવિત્ર માટીની પૂજા કરીએ. કાળે પણ આ ઘટના પોતાના પુસ્તકમાં નોંધી લીધી હશે. ભગતસિંહનું ભાગ્ય ફરીથી લખવા માટે !

પિતા કિશનસિંહની ઇચ્છા હતી કે પુત્ર ભગતસિંહ લગ્ન કરે પરંતુ ભગતસિંહ મા ભારતની મુક્તિ કાજે સાંસારિક સુખોને છોડવા તત્પર હતાં. પોતાના પિતાને એક પત્ર લખીને તેઓ ઘર છોડીને ચાલ્યા ગયા. પત્રમાં એમણે લખ્યું હતું : 'પિતાજી, મારી જિંદગી એક ઉદાત્ત ધ્યેય અર્થાત્ હિન્દની આઝાદી માટેની વેદી પર સમર્પિત થઈ ચૂકી છે. મારા યજ્ઞોપવિત સંસ્કાર વખતે આપે ઘોષણા કરી હતી કે મેં મારા આ પુત્રને વતનની સેવા માટે અર્પણ કર્યો છે. એ સમયની પ્રતિજ્ઞા આજે પરિપૂર્ણ કરી રહ્યો છું.'

**ભગતસિંહના ક્રાંતિકારી જીવનની કેટલીક અગત્યની ઘટનાઓ :**

- પ્રતાપ મેગેઝિનમાં 'બળવંતરાય'ના નામથી લેખો લખવાની શરૂઆત.
- કાકોરી ટ્રેનના સરકારી ખજાનામાં લૂંટ કેસને બહાને અંગ્રેજ સરકારે અનેક ક્રાંતિવીરોની ધરપકડ કરી. તેથી છિન્ન-ભિન્ન થયેલાં ક્રાંતિદળને પુનઃ સંગઠિત કરવાની જવાબદારી ભગતસિંહે ઉપાડી.
- 'કાકોરી કેસ'ના આરોપી યોગેશચંદ્ર ચેટર્જીને જેલમાંથી ભગાડવાની યોજના ભગતસિંહ દ્વારા ઘડવામાં આવી પરંતુ તે નિષ્ફળ રહી.
- ૨૯મી જુલાઈ, ૧૯૨૭ના દિવસે ભગતસિંહની પોલીસના હાથે પ્રથમ વખત ધરપકડ કરવામાં આવી. ખોટી રીતે કરવામાં આવેલી આ ધરપકડના કારણે અંતે ૬૦,૦૦૦ રૂ.ની જામીનગીરી પર છોડવામાં આવ્યા.
- ૧૯૨૮માં દિલ્હીમાં ક્રાંતિકારી દળની બેઠકમાં ભગતસિંહને જુદા જુદા પ્રાંતોની ક્રાંતિકારી પ્રવૃત્તિઓના સંયોજક તરીકેનું કામ સોંપાયું. આ કામની સાવધાનીને ધ્યાનમાં રાખી તેમણે શીખ હોવા છતાં પણ વાળ કપાવી નાખ્યાં. વેશપલટો કર્યો.
- ઑક્ટોબર, ૧૯૨૮માં લાહોરમાં આવેલા સાયમન કમિશનનો લાલા લજપતરાય સાથે મળીને ભગતસિંહે જોરદાર વિરોધ કર્યો. પોલીસ અધીક્ષક મિ. સ્કોટ અને મિ. સાંડર્સના લાઠીચાર્જના કારણે લાલા લજપતરાયનું મૃત્યુ થયું.
- લાલાજીનાં મોતનો બદલો લેવા ભગતસિંહે, રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદ સાથે મળીને મિ. સ્કોટને મારવાનો વ્યૂહ રચ્યો. પરંતુ મિ. સ્કોટને બદલે મિ. સાંડર્સની હત્યા કરી નાખી.
- લોકસુરક્ષાના નામે લોકોનો સ્વાતંત્ર્યહક છીનવવા માટેનાં બે બીલ ૮મી એપ્રિલ, ૧૯૨૯ના રોજ પસાર થવાનાં હતાં.

ધારાસભામાં બિલ પસાર કર્યાની જાહેરાત કરી કે તરત જ બટુકેશ્વર દત્તે એક બોમ્બ ફેંક્યો તે ફૂટ્યા બાદ તરત જ ભગતસિંહે બીજો બોંમ્બ ફેંક્યો ત્યારબાદ ભગતસિંહે હવામાં ગોળીઓ છોડી. બુલંદ અવાજે બંનેએ 'સામ્રાજ્યવાદ મુર્દાબાદ, ઈન્કલાબ ઝિંદાબાદ !' ના સૂત્રો ઉચ્ચાર્યા. ધારાસભાગૃહમાં બોંમ્બ ફેંક્યા પછી લાંબા સમય સુધી બંને પોતાની જગ્યા ઉપર ઊભા રહ્યા અને જાતે જ ધરપકડ કરાવી.

- ૧૨મી જૂન, ૧૯૨૯ના રોજ સેશન જજ મિ. ડાષ્ટન દ્વારા ઐતિહાસિક ચુકાદો અપાયો. જેમાં ભગતસિંહ અને બટુકેશ્વર દત્તને જન્મટીપની સજા ફટકારવામાં આવી.
- ૧૪મી જૂન, ૧૯૨૯થી ઑક્ટોબરના પ્રથમ સપ્તાહ સુધી તેમણે જેલના કેદીઓ સાથે માનવતારૂપી વ્યવહાર થાય અને સારી સગવડો મળે તેના માટે ભૂખ હડતાલ કરી. આ ભૂખ હડતાલ દરમિયાન ભગતસિંહના એક સાથી યતીન્દ્રનાથનું અવસાન થયું જેના કારણે સમગ્ર દેશમાં તેનો રોષ ભભૂકી ઊઠ્યો. પરિણામે સરકારે કેટલીક શરતો દૂર કરી બાકીની તમામ શરતોને સ્વીકારી લીધી. તેથી ૫, ઑક્ટોબર, ૧૯૨૯ના રોજ પારણાં કરી ઉપવાસ છોડી દીધાં.
- ૭ ઑક્ટોબર, ૧૯૩૦ની સવારે ટ્રિબ્યુનલ દ્વારા પોતાનો દૂત મોકલવામાં આવ્યો જેનાં ચુકાદા સ્વરૂપે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસી ફરમાવવામાં આવી હતી.
- વીર ભગતસિંહે પોતાના જેલવાસ દરમિયાન અનેક પુસ્તકોનું વાંચન કર્યું જેમાં ફાંસની સિવિલ વૉર, રશિયન ક્રાંતિ, મેક્સિમ ગાર્કી, કાલ માર્ક્સ, ઉમર ખૈયામ અને બર્નાડ શો જેવા અનેક લેખકોના, કવિઓના, ચિંતકોના પુસ્તકો વાંચ્યા.
- તેમણે દેશ વિશેની ચિંતા અને ચિંતન કર્યું તે તેમણે પોતાના હાથે લખાયેલાં પુસ્તકો, 'મારી આત્મકથા', 'મૃત્યુ દ્વારે', 'સમાજવાદનો આદર્શ' વગેરેમાં વેદના સ્વરૂપે આલેખ્યું છે.
- અંતે ૨૩ માર્ચ, ૧૯૩૧નો એ દિવસ બપોરે ત્રણ વાગ્યે સેન્ટ્રલ જેલના હવાલદારને સૂચના મળી કે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને આજે ફાંસી આપવામાં આવશે.

સાંજના સમયે જ્યારે ફાંસી આપવા લઈ જવાતા હતા ત્યારે ભગતસિંહે કહ્યું કે 'અમને હાથકડી ન પહેરાવશો, અમારો ચહેરો કાનટોપીઓથી ન ઢાંકશો.' આ વિનંતીનો સ્વીકાર કરવામાં આવ્યો.

એક ઐતિહાસિક દિવસનો સાડા સાત વાગ્યાનો સમય અંતે ત્રણેય મિત્રો એકબીજાને સહૃદયપૂર્વક ભેટ્યાં અને ફાંસીના ફંદાને ચૂમીને અંતિમ વાર બોલ્યા,

"ઈન્કલાબ ઝિંદાબાદ" - ક્રાંતિ અમર રહો.

---

## સમાજમાં શું નૈતિક મૂલ્યોનું પતન થઈ રહ્યું છે ?

**- પંચોલી પિયૂષા સોમદેવ**

આજની આ વક્તૃત્વ સ્પર્ધાનો મુખ્ય વિષય 'સમાજમાં નૈતિક મૂલ્યનું પતન થઈ રહ્યું છે.' જે સંદર્ભે હું વિપક્ષમાં મારા વિચારોનું નિરૂપણ કરવા માંગુ છું.

કોઈપણ સભ્ય સમાજનો આધાર નૈતિક મૂલ્યો છે. બાળકને નાનપણથી જ માતા, પિતા, વડીલો દ્વારા અને ઘરના અન્ય સભ્યો દ્વારા સારા-ખોટાંની સમજ, સાચું બોલવાનો આગ્રહ અને ખોટી બાબતોનો વિરોધ કરવો તેવું શીખવવામાં આવે છે. આ બધી જ બાબતોનો નૈતિક મૂલ્યોમાં સમાવેશ થાય છે.

સુશિક્ષણ દ્વારા બાળકોમાં સંસ્કારરૂપે નૈતિક મૂલ્યોનાં બીજ રોપાય છે અને સાથે સાથે ધર્મનો હકારાત્મક પ્રભાવ પણ વ્યક્તિનાં નૈતિક મૂલ્યો પર અસર કરે છે.

બધાનું કહેવું છે કે ટીવીનાં કાર્યક્રમો, ચલચિત્રો અને પાશ્ચાત્ય સંસ્કૃતિ એ આપણાં સમાજ પર નકારાત્મક અસર કરે છે પરંતુ આજે તમને કોઈપણ એવો ભારતીય વ્યક્તિ નહીં મળે જે વડીલોનો આદર કરવામાં પાછળ હોય.

રસ્તા પર જો કોઈ વ્યક્તિને અકસ્માત નડે છે અને તેને ઈજા થાય છે તો આજુ બાજુ રહેલ વ્યક્તિ તુરંત જ ૧૦૮ને ફોન કરીને તેને પ્રાથમિક સારવાર આપવા માટેની સભાનતા ધરાવે છે.

૨૫મી જાન્યુઆરીએ અનેક પારિતોષિકો સરકાર દ્વારા એનાયત કરવામાં આવે છે. આ દરમિયાન અનેક લોકોને બહાદુરી પારિતોષિક મળે છે.

સમાજમાં એવા અનેક લોકો છે જેઓ પોતાનાં જીવનને જોખમમાં મૂકીને અન્યનાં જીવનનું રક્ષણ કરે છે.

આ બાબતો ફક્ત આપણાં સમાજ, ગામ, નગર કે દેશ પૂરતી નથી.

વિદેશોમાં વસતા ભારતીયો અન્ય ભારતીય વ્યક્તિ વિદેશી વ્યક્તિને જરૂરિયાતની સ્થિતિમાં જુએ છે તો તેને અચુક મદદ કરવાની ભાવના રાખે છે.

આપણાં ભારતીય લોહીમાં જ આ બાબતો સમાયેલી છે. જરૂરિયાતમંદોને મદદ કરવી, કોઈને શારીરિક કે માનસિક રીતે ત્રસ્ત કરવા નહીં વગેરે બાબતો આપણા સમાજે આપણને બાળપણથી જ આપેલી અમૂલ્ય દેન છે. ભારત એ સંસ્કારોની ભૂમિ છે દેવોની ભૂમિ છે. અહીં અનેક ધર્મો જોવા મળે છે. મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા, દેરાસરોમાં લોકહિતનાં અનેક કાર્યો કરવામાં આવે છે.

શું આ મંદિરોના દરવાજા બંધ થઈ ગયા છે ? શું આ મસ્જિદો, ગુરુદ્વારા, દેરાસરોમાં લોકહિતોનાં કાર્યો બંધ થઈ ગયા છે ? નહીં ને !!

જ્યાં સુધી આપણા ધર્મ દ્વારા માનવમૂલ્યો, સંસ્કાર, સંસ્કૃતિ, મૂલ્યોનો વારસો વિશ્વમાં સુપ્રસિદ્ધ છે ત્યાં સુધી આપણાં સમાજમાંથી નૈતિક મૂલ્યોનું પતન થવું શક્ય જ નથી.

આજના યુવાવર્ગથી સમાજને અનેક પ્રશ્નો છે સમસ્યાઓ છે. તેમનું માનવું છે કે યુવાવર્ગમાંથી નૈતિક મૂલ્યોનું પતન થાય છે. પરંતુ ખરેખર જોવા જઈએ તો યુવાવર્ગ એ રૂઢિચુસ્ત રિવાજોને એમને એમ જ સ્વીકારવા નથી માંગતા. એ દરેક વાતને, દરેક મુદ્દાને જાણે છે, પીછાણે છે, હકીકતોની શોધ કરે છે અને પછી જ તેનો સ્વીકાર કરે છે.

જો એને ખબર હશે કે વડીલોને સન્માન કેમ આપવું, કેમ એમનાં પગે લાગવું, કેમ કપાળ પર ચાંદલો કરવો, કેમ મસ્જિદમાં ટોપી પહેરીને અદબમાં બેસવું તો એ તરત જ આ બાબતોનું અમલ કરશે જ અને યુવાવર્ગ આ જ કરે છે. હકીકતોની જાણકારી બાદ જ તેનો સ્વીકાર કરે છે. આજનો સમાજ યુવાવર્ગને સ્વચ્છંદી વર્ગ તરીકે ઓળખાવે છે પરંતુ હકીકત તો એ છે કે ભારતીય યુવાવર્ગને સ્વચ્છંદી અને સ્વતંત્રતાની વચ્ચેની પાતળી રેખાની સમજ છે.

યુવાવર્ગ સ્વતંત્ર થવા માંગે છે કારણ કે તે નથી ઇચ્છતો કે તેનાં કારણે કોઈ વ્યક્તિને મુશ્કેલી પડે. તે સારું કરે કે ખોટું તે માટે તે પોતાની જાતને જ જવાબદાર માને છે. તેથી તે પોતે સ્વતંત્ર રહે છે નહીં કે સ્વચ્છંદી.

હાલ ખૂબ જ ચર્ચિત એવો સ્વચ્છતા અભિયાન એ બાળકોને સ્વચ્છતા માટેની નૈતિક ફરજ સમજાવે છે. આવાં અનેક અભિયાનો છે જેનાં દ્વારા વ્યક્તિને તેની નૈતિક ફરજો વિશેનું જ્ઞાન આપવામાં આવે.

૨૦૧૫માં નોબેલ પારિતોષિક જેમને મળેલ છે તેવાં શ્રી કૈલાશ સત્યાર્થીએ 'બચપણ બચાઓ' જેવા ચેરિટી ગ્રુપની રચના કરેલ છે અને તેનું સંચાલન પણ કરે છે.

સમાજમાં જ્યાં સુધી આવા સમાજોપયોગી છે ત્યાં સુધી સમાજમાંથી નૈતિક મૂલ્યોનું પતન અશક્ય છે.

સાડી એ ઘણાંય વર્ષોથી ભારતીય પોશાક તરીકે ઓળખાય છે. પહેલાં હાથથી બનાવેલી, વણેલી સુતરાઉ કે રેશમી સાડીઓ હતી. હવે ટેક્નોલોજીનાં ઉપયોગથી સાડીની નિત નવી ડિઝાઈન બને છે.

આ વાત પરથી સમજી શકાય છે કે વસ્તુ એની એ જ છે કે ફક્ત તેનું સ્વરૂપ બદલાયું છે.

એ જ રીતે સમાજમાં નૈતિક મૂલ્યો તો હાજર છે જ પરંતુ ફક્ત તેની રજૂઆત, ઢબ, પદ્ધતિ બદલાયા છે.

# CTEના કાર્યક્રમો










# કોલેજના કાર્યક્રમો


24/08/2016


भारतीय प्रतिभूति और विनिमय बोर्ड
Securities and Exchange Board of India
સિક્યુરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા
નાણાંકીય શિક્ષણ વર્કશોપ
वित्तीय शिक्षण कार्यशाला
FINANCIAL EDUCATION WORKSHOP






10/09/2016


Welcome You

















